શ્રી રામકબીર ભક્તસમાજ

પ્રાસંગિક

# ભજન સંગ્રહ






http://RamkabirBhajans.org

http://bhakta.com/

# શ્રી રામકબીર ભક્તસમાજ

## પ્રાસંગિક

# ભજન સંગ્રહ



પ્રાસંગિક

# ભજન સંગ્રહ

# અનુક્રમણિકા


| ક્રમ | રાગ | ભજન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ગોડી | શ્રી ગુરુને પાયે લાગું | ૧ |
| ૨ | કલ્યાણ | હરિકો ભજન કર | ૨ |
| ૩ | ,, | પગ ધોઈ પધારો રામજી | ૨ |
| ૪ | કાફી | સાધુકી સંગત પાઈ રે | ૩ |
| ૫ | ,, | સાધુજનનો સંગ | ૪ |
| ૬ | ,, | દર્દ ન જાને કોઈ રે | ૪ |
| ૭ | ,, | કોણ કરે જંજાલ જુગમેં | ૫ |
| ૮ | કાલેરો | વૈષ્ણવજન તો તેને કહીએ | ૭ |
| ૯ | ,, | ભૂતળ ભક્તિ પદારથ મોટું | ૭ |
| ૧૦ | ,, | નારાયણનું નામ જ લેતાં | ૮ |
| ૧૧ | ,, | આજ વૃન્દાવન આનંદ સાગર | ૯ |
| ૧૨ | ,, | સાંભળ રે શામળિયા વહાલા | ૧૦ |
| ૧૩ | ,, | પોતે પોતાનું ઘર જાણવું જોઈએ | ૧૧ |
| ૧૪ | મારુ | આવ્યા રે આરાભયાં | ૧૩ |
| ૧૫ | બિહાગ | ઘર કર દરિયા માંહે | ૧૪ |
| ૧૬ | ,, | તુમ ઘર જાઓ મેરે વીર | ૧૪ |
| ૧૭ | સોરઠ | ગિરિધર પ્રીતમ પ્યારો, રાણાજી | ૧૬ |
| ૧૮ | ,, | નહિ આવ્યા રે નહિ આવ્યા | ૧૭ |
| ૧૯ | ,, | દેખી દેખી શ્રી રામજીકો રૂપ | ૧૮ |
| ૨૦ | સોરઠ | મને કાનજી જોયાના કોડ | ૧૯ |
| ૨૧ | ,, | જુઓ કરમની રેખા | ૨૦ |
| ૨૨ | ધનાશ્રી | હરિ તારા બાનાની પત રાખ | ૨૧ |
| ૨૩ | ,, | ભૂલ્યો મનભમરા તું ક્યાં ભમ્યો | ૨૨ |
| ૨૪ | થાળનું પદ | આરોગો નરસિંહ મહાપ્રભુ | ૨૨ |
| ૨૫ | સામેરી | દ્વારિકાના વાસી રે | ૨૩ |
| ૨૬ | ,, | મેલી નવ જોશો રે | ૨૪ |
| ૨૭ | ,, | જુવાનીને દહાડે | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૮ | ,, | રૂડી ને રસાળી રે વ્હાલા | ૨૫ |
| ૨૯ | દેવગંધાર પ્રભાત | ભૂલી છું મોતીનો હાર | ૨૬ |
| ૩૦ | ,, | ઘેલી કીધી રઘુનાથે બાઈ મને | ૨૭ |
| ૩૧ | ,, | સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ | ૨૭ |
| ૩૨ | વસન્ત | નહિ છાંડું બાવા શ્રી રામનામ | ૨૮ |
| ૩૩ | ,, | અઘટ વસન્ત ઘટત નાહિ કબહુ | ૨૯ |
| ૩૪ | ,, | ચલ ચલ રે ભમરા કમલ પાસ | ૩૦ |
| ૩૫ | ,, | આરત રૂડી રૂડી મારા વ્હાલા | ૩૦ |
| ૩૬ | ,, | આવો મારા વ્હાલા અતિ | ૩૧ |
| ૩૭ | ,, | કહો કેમ વસીએ રે મારા વ્હાલા | ૩૧ |
| ૩૮ | ,, | પ્રથમ સમાજ આજ વૃન્દાવન | ૩૨ |
| ૩૯ | ધુમાર | અવિનાશી દુલ્હા કબ મિલે હો | ૩૨ |
| ૪૦ | ધુમાર | નિત મંગલ હોરી ખેલિયે હો | ૩૪ |
| ૪૧ | ,, | ઐસે મન સંગ હોરી ખેલિયે હો | ૩૩ |
| ૪૨ | હોળીનું પદ | રસિયો હોરી ખેલવા રે | ૩૪ |
| | જન્માષ્ટમીનાં પદ | | |
| ૪૩ | ગોડી | વ્રજ કે આંગન રચ્યો હિંડોળો | ૩૫ |
| ૪૪ | મલાર | ભક્ત હિંડોળાના રે | ૩૫ |
| ૪૫ | ,, | ભર્મ હિંડોળેના ભર્મ | ૩૬ |
| ૪૬ | સામેરી | હનિહાંરે સુભગ સાવન આયો | ૩૬ |
| ૪૭ | મલાર છપ્પે | સરસ હિંડોળાના માંહી | ૩૭ |
| ૪૮ | ,, | સોરંગ હિંડોળાના માંહી | ૩૮ |
| ૪૯ | કાફી | ઝુલે નવલબિહારી પ્યારો | ૩૮ |
| ૫૦ | કાલેરો | હિંડોળો નવરંગ રચ્યો રે | ૩૯ |
| ૫૧ | ,, | પરમ ચતુર ઝુલે નાથ | ૩૯ |
| ૫૨ | મારૂ | ઝુલાવન આયી ગોપી | ૪૦ |
| ૫૩ | સામેરી | સજની જુઓ નાથ નિહાળી | ૪૦ |
| ૫૪ | મેવાડો | આજનો હિંડોળો રે અતિ | ૪૧ |
| ૫૫ | જન્મસમયની વધાઈ | દેખ હો વાસુદેવ હરિમુખ | ૪૨ |
| | સ્તુતિ | | |
| | ધોળ | | |
| ૫૬ | મેવાડો | સોનલા કેરું રે સુંદર | ૪૩ |
| ૫૭ | પંથીડો | પંથ નિહાળતી રે હો | ૪૪ |

| | | | |
|---|---|---|---|
| ૫૮ | ધોળ | જી રે પગરણ વ્હેલા પધારજો | ૪૫ |
| ૫૯ | ” | ગંગા જમનાનાં નીર મંગાવો | ૪૫ |
| ૬૦ | ” | રાધાજી ઘણું હેખ્યાં મન | ૪૬ |
| ૬૧ | ” | ગોકુલમાં એક નંદજીનું ધામ(૧) | ૪૬ |
| ૬૨ | ” | ગોકુલમાં એક નંદજીનું ધામ(૨) | ૪૭ |
| ૬૩ | ” | પ્રભુજી વિના મારે પલક ન ચાલે | ૪૮ |
| ૬૪ | ” | સતગુરુજી રે લગન લઈ આવ્યા | ૫૦ |
| ૬૫ | ” | ગુરુ ચરણે કર જોડી લાગું | ૫૧ |
| ૬૬ | મંગલ | અખંડસાહેબજી કો નામ | ૫૩ |
| ૬૭ | ” | હરિને ભજતાં હજી કોઈની લાજ | ૫૩ ૬૮ |
| | ભજન | સબસે ઊંચી પ્રેમ સગાઈ | ૫૪ |
| ૬૯ | ” | નંદ ઘેર આનંદ થાય | ૫૪ |
| ૭૦ | ” | ઘુંઘટકા પટ ખોલ રે | ૫૫ |
| ૭૧ | ” | મારો સાથીડો રિસાણો | ૫૬ |
| ૭૨ | ” | નળરાજાનું આખ્યાન | ૫૬ |
| ૭૩ | ” | પહેલાં સમરીયે રે | ૫૭ |
| ૭૪ | ” | પગ ધોવા દો રઘુરાય | ૫૭ |
| ૭૫ | ” | પંઢરપુરને પાદર રહેતો | ૫૮ |
| ૭૬ | ” | કોઈ આજ જશે કોઈ કાલ | ૫૯ |
| ૭૭ | ” | કોઈ કોઈનું નથી રે | ૫૯ |
| ૭૮ | ” | કોણે તને શામળો કીધો રે | ૬૦ |
| ૭૯ | ” | રામ તમે આવો ઘનશ્યામ તમે | ૬૧ |
| ૮૦ | ” | સુખદઃખ મન્માં ન આણીએ | ૬૧ |
| ૮૧ | ” | સુણાવો ગીતા સાર | ૬૨ |
| ૮૨ | ” | આઠ કૂવા ને નવ નાવડી રે | ૬૩ |
| ૮૩ | ” | એવી છે કુદરતની કળા | ૬૫ |
| ૮૫ | ” | મન તું શંકર ભજી લે | ૬૬ |
| ૮૬ | ” | ભજનનો વેપાર હરિ તારા | ૬૭ |
| ૮૭ | ” | રાવણ આવ્યો સીતાજીને હરવા | ૬૮ |
| ૮૮ | વિનતી | આદિ અનાદિ એક તું | ૬૯ |
| | અંતિમ સમયનાં પદ | | |
| ૮૯ | ” | મંદિર દેખ ડરે સુદામાજી | ૬૯ |
| ૯૦ | ” | ગોવિંદ નામ ધર્યો | ૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૯૧ | ,, | તુમ જો દયાલ મોં સે | ૭૧ |
| ૯૨ | ચરચરીનું પદ | ઘડી રે ઉપર ઘડીઆરા વાગે | ૭૧ |
| ૯૩ | થાળ વખતની સાખી | | ૭૨ |
| ૯૪ | ચલતીની સાખી | | ૭૩ |


બને તેટલે કાળજી છતાં ભૂલો રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી, જેથી હવે પછીની આવૃત્તિમાં સુધારી શકાય. ---------- સંપાદકો

ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ
ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ
ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ
ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ
ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ
ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ

१

શ્રી ગુરુને પાયે લાગું પહેલા વહેલા
શ્રી ગુરુને પાયે લાગું,
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું,
બીજું હું કાંઈ ન માગું ..................... ટેક૦

દિયો ઉપદેશ સદા સુખકારી,
જો મન નિર્મલ થાય,
ત્રિવિધ તાપ મત્સર મોહ મમતા,
વિકાર સઘળો જાય............................૧

ગુરુ દર્શનનો મહિમા મોટો,
જાણે સંત સુજાણ,
ભાવ ધરી ગુરુ સેવા કરશે,
પામે પદ નિર્વાણ ............................૨

વેદ પુરાણ ભાગવત બોલે,
જેને હોયે ગુરુજીનો દૃઢ વિશ્વાસ,
શ્રી ગુરુ નારાયણ તેને મળશે,
કહે જન વૈષ્ણવદાસ..........................૩

## કલ્યાણની સાખી

કલ્યાણ કલ્યાણ સબકો કહે, મેરે પ્રભુજીકો નામ કલ્યાણ
સંત સંગત કલ્યાણ હૈ, સો કરત હૈ કલ્યાણ કલ્યાણ

કલ્યાણ રાગ સો મહાબલી, સબકો રાખત માન
સિંહલદ્વીપકી પદ્મિણી, સો ગાયે રાગ કલ્યાણ...

## ૨

પ્રભુકો ભજન કર હો મન પ્યારે,
હરિકો ભજન કર હો મન પ્યારે,
એક રસના તુમ કયોં અલસાને,
શેષ સહસ્ર સુમર નિહાળે ........... ટેક

જાકે શરણ પતીત ગત પામે,
ગુનકા કુબ્જા વ્યાઘ ઉદ્ધારે,
અધમ તરે અધિકાર ભજનસે,
હરિ સુમરણ સઘળા અઘ જાયે ......૧

અજામિલ સુત નામ ઉદ્ધારે,
જલ ડૂબત ગજગ્રાહ ઉગારે,
પરશુરામ એસો સમર્થ ઠાકોર,
બનકર ભીલ પુતના તારે............૨

## ૩

પગ ધોઈ નાવ પધારો રામજી,
પગ ધોઈ નાવ પધારો,
ઊડ ગઈ શલ્યા કાષ્ઠકી ખેતી
તુમ હી મનમેં વિચારો ............. ટેક

કટી લો રે નીર, તીર અતિ ન્યારો,
આગે કોશ ઉવારો,
વિશ્વ જીવનકે જીવિકા મોહે,
મોહે રંક કાં મારો .......................૧

હૈ કશું તત્ત્વ એ હી પદરજમેં,
નાહિ ન દોષ તુમ્હારો,
અગ્રદાસ ઉતરાય જ દીનો,
નોંકા સહિત કુલ તાર્યો ...............૨

## કાફીની સાખી

કારી કંઠ કર, કાફી કલા કછું ઔર
કૃષ્ણ કામિની કારણ, પ્રભુ પ્રગટે ઠોર હી ઠોર...૧

કાફી કલા પાઈએ, કાફી કાફી કરંત
ગિરિરાય ગિરિજાપતિ, સો હી સીતાપતિ સ્મરણ...૨

સિદ્ધ સંત કા એકમત, જીવત તા કો ખાયે
મુખ ફેર મુર્દા ભયા, તા ઘેર સંત ન જાયે...૩

### ૪

સાધુકી સંગત પાઈ રે,
જાકી સુફલ કમાઈ રે,
સાધુકી સંગત ભક્તિ હરિકી,
બઢત બઢત બઢ જાઈ.............. ટેક

ધ્રુવ પ્રહલાદ અંબરીષ વિભીષણ,
નારદ છે ઋષિરાઈ,
પીપા ધના, સેના રોહીદાસ,
પાંચમી મીરાંબાઈ......................૧

નરસિંહ જ્યદેવ ઔર સુરદાસ,
સજના જાત કસાઈ,
રંકા વંકા કાલૂ કેવલ કૂબા,
કરમાકી ખીચડી પાઈ..................૨

દત્તાત્રેય ગુરુ ગોરખ યોગી,
ગગન મંડલ મઠ છાઈ,
કહત કબીર સુનો ભાઈ સાધુ,
જ્યોતમેં જ્યોત મિલાઈ...............૩

## ૫

સાધુજનનો સંગ,
બાઈ મને ભાગ્યે મળ્યો હૈં .......... ટેક

કોરી કોરી મટુકીમેં મહી જમાવું,
ગ્વાલન હોકર જાવું રે..... બાઈ ૧

ફૂલ રે મંગાવું વ્હાલા ગજરા ગૂંથાવું,
માલન હોકર જાવું રે .........બાઈ ૨

કપડા મંગાવું વ્હાલા ભગવા રંગાવું,
જોગન હોકર જાવું રે ..........બાઈ ૩

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
જ્યોતમેં જ્યોત મિલાવું રે ...બાઈ ૪

## ૬

દર્દ ન જાને કોઈ રે મેરો દર્દ ન જાને કોઈ રે,
રામા મેં તો દરદ દિવાની, દરદ ન જાણે મારું કોઈ............ ૧

ઘાયલકી ગત ઘાયલ જાણે,
જેને વીતી હોય તે જાણે રે............૨

સૂડી ઉપર સેજ અમારી,
કિસબિધ રહું મેં સોઈ રે ..............૩

મીરાં કહે દુ:ખ જબ હી મિટે હો,
વૈદ્ય શ્યામલો હોઈ રે ................૪



૭

કોણ કરે જંજાલ જુગમેં જીવન થોડા,
કોણ કરે જંજાલ
માતાપિતાએ જન્મ દિયો હેં, કર્મ દિયો કિરતાર .... ટેક

માટી ચુન ચુન મહલ બનાયા,
અંધ કહે ઘર મેરા
નહિ ઘર તેરા નહિ ઘર મેરા, જાતા જંગલ કા ડેરા...જુગમેં ૧
કોઈ મરે દશ વીશ વરસમાં, કોઈ મરે બાલપન ............ ૨
કોઈ ઊતરે રત્નાગર સાગર, તો કોઈ ઊતરે ભવપાર...... ૩
કહે કબીર સુનો ભાઈ સાધુ, જૂઠા દેહકા ખ્યાલ ............. ૪

## કાલેરાની સાખી

કીટ મુગટ ધર્યો શિશ, ધનુષ બાણ લઈ કર ધર્યા
તબ તુલસી નમાવે શિશ

આજકી શોભા અજબ બની હૈં, ભલે બિરાજે નાથ
તુલસી મસ્તક જબ નમે, તબ ધનુષ બાણ લિયો હાથ

કહાં કહું છબી આજકી, ભલે બિરાજ્યા નાથ
તુલસી સૌ ના રામ છે, જબ લગી ઘટમેં પ્રણ



## ૮

વૈષ્ણવજનતો તેને રે કહીએ,
જે પીડપરાઈ જાણે રે
પરદુ:ખે ઉપકાર કરે તોયે,
મન અભિમાન ન આણે રે .....ટેક

સકળ લોકમાં સૌને વંદે,
નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે,
ધન ધન જનની તેની રે..........૧

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી,
પરસ્ત્રી જેને માત રે,
જિહવાથકી અસત્ય ન બોલે,
પરધન નવ ઝાલે હાથ રે .......૨

મોહ માયા વ્યાપે નહી જેને,
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી,
સકળ તીરથ તેના તનમાં રે ....૩

વણલોભી ને કપટરહિત છે,
કામક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં,
કુળ ઈકોતેર તાર્યા રે..............૪

## ૯

ભૂતળ ભકિત પદારથ મોટું,
બ્રહ્મલોકમાં નહિ રે
પુણ્ય કરી અમરાપુરી પામ્યા,
અંતે ચોરાશી માંહી રે ......................ટેક

હરિના જન તો મુક્તિ ન માગે,
જન્મોજન્મ અવતાર રે,
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ,
નીરખવા નંદકુમાર રે ......................... ૧

ભરતખંડ ભૂતળમાં જનમી,
જેણે ગોવિન્દના ગુણ ગાયા રે,
ધન ધન રે એનાં માત પિતાને,
સફળ કરી એણે કાયા રે ...................... ૨

ધન વૃન્દાવન ધન એ લીલા,
ધન એ વ્રજનાં વાસી રે,
અષ્ટમહાસિદ્ધિ આંગણિયેરે ઊભી,
મુક્તિ છે એમની દાસીરે ..................... ૨

એ રસનો સ્વાદ શંકર જાણે,
કે જાણે શુક જોગી રે,
કંઈ એક જાણે વ્રજની રે ગોપી,
ભણે નરસૈંયો ભોગી રે ...................... ૪

## ૧૦

નારાયણનું નામ જ લેતાં,
વારે તેને તજીએ રે
મનસા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીએ રે. ટેક

કુળને તજીએ, કુટુંબને તજીએ,
તજીએ માને બાપ રે,
ભગિની સુત દારાને તજીએ,
જેમ તજે કંચુકી સાપ રે ................................ ૧

પ્રથમ પિતા પ્રહલાદે તજીઓ,
નવ તજીયું હરિનું નામ રે,
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીઆ શ્રીરામ રે....૨

ઋષિપત્નીએ શ્રીહરિ કાજે,
તજીઆ નિજ ભરથાર રે,
તેમાં તેનું કંઈએ ન ગયું, પામી પદારથ ચાર રે ......૩

વ્રજવનિતા વિઠ્ઠલને કાજે,
સર્વ તજીને ચાલી રે,
ભણે નરસૈંયો વૃન્દાવનમાં, મોહન સાથે મહાલી રે..૪

## ૧૧

આજ વૃન્દાવન આનંદ સાગર,
શામળિયો સંગે રાસ રમે,
નટવર વેષે બંસી બજાવે,
ગોપીઓને મન ગોવિંદ ગમે . ટેક

સોળ કળાની શશી શિર ઉપર,
ઉડુગણ સહિત વિમાન ભમે,
નીર ગંભીર સ્થિર યમુના તટ,
ત્રિવિધ તનના તાપ શમે રે . .૧

ગોપી નીસર્યા નરહરિ જોવાને,
નીકળ્યા સોળે શણગાર સજી,
ટોળે ટોળાં ઊભા રહીને,
નીરખત નયણા ભરી ભરી . . .૨

એક એક ગોપી બીચમાં માધવ,
કરગ્રહી મંડલી માંહી રમે

તા થૈ તા થૈ તાન મિલાવે,
રાગ રાગિણી શમે રે શમે ....૩

હરખ્યાં સુરિનર દેવ મુનિજન,
પુષ્પવૃષ્ટિ કરી ચરણે નમે,
ભણે નરસૈંયો ધન વ્રજ નારી,
જેને કાજે જોગી દેહ દમે .....૪

## ૧૨

સાંભળ રે શામળિયા વ્હાલા,
તારે મારે ઘણી માયા રે,
જો મહેતાજી જમવા ન આવે,
તત્ક્ષણ તજું મારી કાયા રે .....ટેક

કપટ નહિ કાંઈ મહેતાના મનમાં,
હેતે હરિના ગુણ ગાવું રે,
વૈષ્ણવજન કેરો વેષ દેખીને,
મહેતાને મંદિરે જાવું રે ........૧

વિશ્વંભર વિનતી મારી માનો,
પ્રીત પૂર્વની રાખો રે,
અમો અબલા કો આધાર તમારો,
ભકત ઉદ્ધરણ રાખો રે ........૨

નાગર સર્વે જમવા ચાલ્યા,
હાથમાં ચંબુ લીધાં રે,
અંતર્યામીએ તત્ક્ષણ જાણ્યું,
ન્યાતમાં ઢેડાં કીધાં રે ........૩

થર થર નાગર ધ્રૂજવા લાગ્યા,
કહો કેમ કરીશું રે
મહેતાજીને ન્યાત બહાર પાડતા,
આપણ સર્વે પડીશું રે ........ ૪

માન મૂકી મનાવવા ચાલ્યા,
મહેતાજી શરણે રાખો રે,
ભકિત તણો છે મોટો મહિમા,
નિત નિત દર્શન આપો રે ...... ૫

કપટ નહિ કાંઈ ભકતના મનમાં,
મહેતાજી જમવા આવ્યા રે,
માનબાઈના સ્વામી શામળિયા,
ન્યાતમાં ઢેડાં સમાવ્યાં રે ...... ૬

## ૧૩

પોતે પોતાનું ઘર જાણવું જોઈએ,
જાણ્યા વિના કહો કયાં જઈએ રે,
અણઓળખ્યે ઓશિયાળાં થઈને,
પરઘેર ઊભા નવ રહીએ રે ............ટેક

પરણ્યો પરણ્યો પિયુ નજરે ન ભાળ્યો,
સાસરિયાનું સુખ નવ દીઠ રે,
અમૃત પે અતિ લાગે ન મીઠું,
નામ ધણીનું રૂડું રે ..................૧

કોઈ કાલનો જીવ ભમે છે,
ઠરી નહી બેઠો ઠામ રે,
આવ્યો પ્રાણી લ્હાવો જ લેવા,
ભેદુ વિના ભટકાયો રે ................૨

માર્ગ મેલી કુમાર્ગે ચાલ્યો,
નહિ જડયું ગામ ને ધામ રે,
રણછોડના સ્વામી સુંદીરવર,
ઘેર ઘેર ભટકાણો રે ....................3



## મારુની સાખી

મારુ મસ્તક બેડલું, વળી પગ દાઝે પંથ દૂર
હજી ન આવ્યો પ્રાણ મેહુલો, નદીએ ન આવ્યાં પૂર...૧

મારુ તારા દેશમાં, નીપજ્યા રત્ન ત્રણ
એક મારુ દૂજો ઢોલિયો, ત્રીજો કસુંબા રંગ...૨



## ૧૪

આવ્યા રે આશાભર્યા, વ્હાલાજી,
અમો આવ્યા રે આશ ભર્યા,
વીંધાયા મન નહિ વળે પાછાં,
મોરલીએ મોહ્યા રે...૧

સુતને મેલી અમો પતિને મેલ્યાં,
મેલી કુલ મર્યાદા,
માત તાત વિસાર્યા મોહનજી,
શ્યામ તમારે કાજ...૨

એવાં એવાં વચન સુણી હરિ
હસીઆ, આપણે રમીશું રાસ,
મોટા કુલના તમો મોહનજી,
પૂરો મારા મનડાની આશ...૩

સુંદર રાત શરદ પૂનમની,
સુંદર આસો માસ
નરસૈંયાના સ્વામી સંગે રમતાં
રજની થઈ ષટ માસ...૪

## ૧૫

ઘર કર દરિયા માંહે,
મચ્છી કર ઘર દરિયા માંહે,
શીલર તોરા દે દિન બાસા,
અંતકાલ કહાં જાશી મચ્છી...ટેક

જહાં નહિ જાલ, જહાં નહિ ઢીમર,
જહાં નહિ બંશી બજાય,
અમર લોક જહાં મરણ ન પાવે,
ઉન્નપત્તિ પ્રલય નહિ....૧

સબસે બડે સબ ડી કે તેરે,
સબ હૈયાં માંહી,
કહે કબીર સુનો ભાઈ સાધુ,
ગ્રહો શબ્દકી બાંય મચ્છી....૨

## ૧૬

તુમ ઘર જાઓ મેરે વીર,
ભરતજી, તુમ ઘર જાઓ મેરે વીર,
રુદન કરે કૌશલ્યા મૈયા,
જઈને ધરાવો ધીર...ટેક

ભૂખોંકો કછુ ભોજન દીજે,
નગ્નકો પટ ચીર,
અવધપુરીકો રાજ કરોગે,
ન્હાજો સરયુ તીર....૧


સીતા સતી જતી અરૂ રે સંગાતે,
ચાલી હૈં સમુદ્રકે તીર,
તુલસીદાસ કૌશલ્યાકે સુત,
મિલ મિલ વિનવે વીર....૨

# સોરઠની સાખી

સોરઠ રાગ સોહામણો, સોરઠ સુઘડ દેશ
સોરઠ સલૂણી સુંદરી, જેના લાંબા લાંબા કેશ...૧

સોરઠ મીઠી રાગિણી, કણ ચલે મીઠી જુવાર
બંધુ મીઠી મારે ગોઠડી, રણ મીઠી મારે તલવાર...૨

સોરઠ રાગ સુહામણો, મુખસે મૂકયો ન જાય
જેમ જેમ ભાંગે રાતડી, તેમ તેમ મીઠો થાય...૪



## ૧૭

ગિરિધર પ્રીતમ પ્યારો, રાણાજી,
મારે ગિરિધર પ્રીતમ પ્યારો,
હે ઘટભીતર ઘટ સે ન્યારો,
સબકો સર્જનહારો રે...રાણાજી...ટેક

ધના ભગતકો ક્ષેત્ર નીપજાવ્યો,
નામકો છાપ છવાંયો,
કબીરાકે ઘર પોઠ જ લાયે,
આપ ભયો વનજારો....૧

વિષ ફેડીને વિષયા કીધી,
ચન્દ્રહાસ ઉગાર્યો,
ગૌતમ નારી અહલ્યા તારી,
કીર કુટુંબ સબ તાર્યો....૨

ગજ કે કારણે પ્રભુ પેદલ ધાયા,
દ્રોપદીકો ચીર બઢાયો,
હિરણાકંસકો ઉદર વિડાર્યો,
જન પ્રહલાદ ઉગાર્યો....૩

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
સબ સંતનકો પ્યારો રે,
જન્મોજન્મકી દાસી તુમ્હારી,
કહો રાણા કોન વિચારો રે....૪

## ૧૮

નહિ આવ્યા રે નહિ આવ્યા,
નાથજી નહિ આવ્યા,
મળી મથુરામેં મોહિની નાર,
ગોકુળિયું કેમ ભાવે...નાથજી...ટેક

આગળ હતા ગોવાળિયા,
થયા મથુરાના રાય,
કહો ભાઈ ગોકુલમેં કેમ રહેવાયે,
નિત નિત દોહવી પડે ગાય....૧

મથુરામેં હરિ શાલ દુશાલા
નાના વિધના વાઘા,
ગોકુળિયું મેલીને વ્હાલો નાસી ગયો,
કાળી કામળી ધાગા....૨

કંસરાયની દાસી કુબ્જા,
ખૂંધી ને વળી ખોડી,
કાળી કુબ્જા ને કાળો કહાનજી,
સરખે સરખી જોડી....૩

વૃન્દાવનની કુંજ ગલિનમેં,
હરિએ રમાડ્યો રાસ,
નરસૈંયાનો સ્વામી અમને મેલી ગયો,
કરીને ગયા નિરાશ....૪

## ૧૯

દેખી દેખી શ્રી રામજીકો રૂપ,
જનક રાજા મોહી રહ્યા...ટેક

રાજા પૂછે સુનો ઋષિરાય,
એ દૌ બાલક કૌના,
કોણ નગરીમેં જન્મ લિયો હૈ,
કહો જી કહાં કે વાસી....૧

ઋષિ બોલ્યા સુનો રાજાજી,
અયોધ્યાકે વાસી,
રાજા દશરથ ઘર જન્મ લિયો હૈ,
પૂરણ બ્રહ્મ અવિનાશી....૨

દેશ-દેશકે રાજા આયે,
ઔર દુનિયા ભૂપાલા,
બ્રહ્મા બૈઠા ને મહાદેવ બૈઠા,
ધનુષ ઉઠાયો કીન જાય....૩

જબ રઘુનાથે ધનુષ ઉઠાયો,
સભા રહી મુરઝાઈ,
ગોરે ગોરે તનિયા મૃગલોચનિયા,
ઇનપર ડારી વરમાલા....૪

ધન દશરથ કૌશલ્યા મૈયા,
જેણે હરિ ગોદ ખેલૈયા,
તુલસીદાસ પ્રભુ રૂપ નિહાળું,
જન્મોજન્મ યશ ગાઉં....૫

## ૨૦

મને કાનજી જોયાના કોડ, સૈયર
ચાલોની મને કાનજી જોયાના કોડ...ટેક

દેહરે દેહરે દીવા કરું,
હું પૂજું શંકર શિવ,
શ્યામળિયા વર પામવા,
હું કરું શંભુની સેવ....૧

ચંદનભરી તલાવડી રે,
મોતી બાંધીએ બાંધી પાળ,
કાનજી ધુએ રૂડાં ધોતિયાં રે,
રાધા પાણી લઈને હાર....૨

સાસુ અમારી જશોમતી,
સસરા શ્રી નંદલાલ,
કંથ કોડીલો કાનજી રે,
મારું સાસરું ગોકુળ ગામ....૩

ગાય શીખે ને સાંભળે રે,
હરિ રાધાનો રાસ,
તે નર વૈકુંઠ પામશે રે,
ગુણ ગાયે નરસૈંયો દાસ....૪

## ૨૧

તમે જુઓ કરમની રેખા, લખ્યા નવ ચૂકે રે
વિધાતા કેરા લેખ, લખ્યા નવ ચૂકે રે........................................ટેક

રાયસુ જેણે યજ્ઞ કર્યા છે, તેડયા દેશાન ભૂપ રે
ગુપ્ત રહેવાના કારણે રે, રાયે લીધું કીક રૂપ.................................૧

ખાંડવ વન જેણે દહન કર્યાછે, કૃષ્ણહતા જેની સાથ
તે અર્જુન વ્યંઢળ થઈબેઠો, કંકણ પહેર્યા હાથ...........................૨

નકુળ મસાણી થઈને રહ્યો છે, સહદેવ પાળ્યા અશ્વો રે
ઉદર કેરે હો કારણે રે, ભીમ રસોડે ખાય.........................................૩

પાંચાલી દાસી થઈને રહ્યાં છે, સર્વ સતીઓમાં શ્રેષ્ઠ રે
કરજોડીને ભાલણ કહે છે, એ તો વિધાતા કેરા લેખ...................૪



## ૨૨

હરિ તારા બાનાની પત રાખ,
હરિ તારા બાનાની પત રાખ રે,
બાના રે માટે જો દુખ દેશો,
કોણ જપે તારો જાપ રે...ટેક

રોહીદાસની તમે પત્રાળી બીની,
નવ જોઈ જાત ને ભાત રે,
સેના માટે સન્મુખ રહીને,
નાથી કહેવાયા નાથ રે....૧

પ્રહલાદની પ્રતિજ્ઞા પાળીને,
સ્થંભમાં પૂર્યો વાસ રે,
તાતી કઢા શીતલ જ કીધી,
સુધન્વાને કાજ રે....૨

પંચાળીનાં પટકુળ પૂર્યાં,
રાખી સભામાં લાજ રે,
સાગરમાંથી ડૂબતો રાખ્યો,
રામ કહેતાં ગજરાજ રે....૩

ઝેરનાં અમૃત કીધાં તમે,
આપ્યાં મીરાંને હાથ રે,
મહેતાને માંડલિક મારવા આવ્યો,
કેદારો લાવ્યા મધરાત રે....૪

ભકતોનાં સંકટ કાપ્યાં,
ત્યારે આવ્યો વિશ્વાસ રે,
તુલસીના સ્વામીને કહું કર જોડી,
પૂરો મારા મનની આશ રે....૫

## ૨૩

ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો, દિવસ ને રાત
માયાનો બાંધ્યો પ્રાણીઓ, સમજ્યો નહિ શુદ્ધ વાત
...ટેક

કુંભ કાચો ને કાયા જાવરૂં, જોઈને કરો રે જતન
વણસંતાં વાર લાગે નહિ, રાખે રૂડુ રે મન .....૧

કોના છોરુ, કોના વાછરુ, કોના મા ને બાપ
અંત કાળે જાવું એકલાં, સાથે પુન્ય ને પાપ ....૨

જે ઘર નોબત વાજતી, રૂડા છત્રીશ રાગ
ખંડેર થઈ ખાલી પડયાં, કાળા ઊડે રે કાગ ....૩

જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાં ને હેઠ
મોટા મોટા ચાલી ગયા, લાખો લખપતિ શેઠ ....૪

ઉલટી નદી પૂર ઊતરી, જાવું પેલે પાર
આગળ નીર મળે નહિ, જે જોઈએ તે લેજો સાથ ....૫

સત્કર્મ સત્વસ્તુ ઓરજો, ઈશ્વર સ્મરણ સાથ
કબીર જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથ ....૬

## ૨૪

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગા નૃસિંહ,
છપ્પન ભોગ છત્રીશ રે ભોજન, નાના વિધ વિધ રંગ..ટેક

લક્ષ્મીભોજન આપ સંભાર્યો, મનમેં ધાર્યો ઉમંગ,
પતવાળાં નારદમુનિ લાયો, જલભર લાયે ગંગ....૧

ભાવપ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આધાર,
અંતરકી ગત અંતર્યામિ, સબબિધ જાનનહાર....૨

આરતીસાજ ઈન્દ્ર લઈ આયે, દૂર કિયો પટ ચીર,
સનક સુનંદન ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર....૩

## ૨૫

દ્વારિકાના વાસી રે, અવસરે આવજો રે,
તમો રાણી રુકિમણીકેરા કંથ રે,
દુષ્ટ દુર્યોધન રે, પાપી લાગ્યો પીડવા રે,
ચૌદિશ નિહાળું તારો પંથ રે...ટેક;

સોડ વાળી શું સૂતો શ્યામળા રે,
આળસ તજીને ઊઠો આજ રે,
લક્ષ્મીજી તલાશે રે, પ્રભુ તારા પાવમેં રે,
વ્હાલા તમો મહેર કરો મહારાજ રે....૧

ગ્રાહ મુખમેંથી ગજને મુકાવ્યો,
કીધી એમ સુધન્વાની સહાય રે,
નૃસિંહરૂપે રે હિરણાકંસ માર્યો રે,
વ્હાલે મારે ઉગાર્યો પ્રહલાદ રે....૨

છપ્પન કોટિ રે, યાદવ રે,
સંગે બલિભદ્ર સરખા ભ્રાત રે,
કાલિનાગ નાથ્યો રે, જરાસંધ જીત્યો રે,
તે બલ કહાં ગયું મહારાજ રે....૩

ધ્રુવને પ્રહલાદે રે, ગર્ભમાં તપ કીધાં રે,
તેને વ્હાલે આપ્યાં અવિચલ રાજ રે,
સાત વર્ષમેં રે, હરિએ ગોવર્ધન કર ધર્યો,
પૂર્યા વ્રજવનિતા લાડ રે....૪

વસમી વેળાએ વ્હારે ચડજો વિઠ્ઠલા રે,
ધાજો તમે છત્રપતિ મહારાજ રે,
સ્વારી કરજો રે, વ્હાલા મારા ગરૂડની રે,
નરસૈંયો વિનવે વારંવાર રે....૫

## ૨૬

મેલી નવ જાશો રે મીઠડા માવજી રે,
તમને કહું છું વારંવાર રે,
અળગા નવ રહેશો રે એક અર્ધ ઘડી,
હું તો વિનવું વારંવાર રે...ટેક

ચુપ કરીને રે અરે એમ નવ ચાલીએ,
મારો થોડો થોડો જીવ થાય,
કેમ કરી રહીએ રે હરિ અમે એકલાં,
સૂનું મંદિર ખાવા ધાય,....૧

સગાં ને સ્નેહીઓ રે વ્હાલું મને કોઈ નહિ રે,
તમે અંતર્યામિ છો નાથ,
પ્રભુ તમો વિના પ્રાણ છાંડીશું,
જાણે મારી બાલપણાની વાત રે....૨

એકવાર આવો રે આણી આવી પ્રીતડી,
તમો મારા આત્માના આધાર,
દાસ જેના રસિયા રે,
તમો વિના કેમ રહેવાય....૩

## ૨૭

જુવાનીને દહાડે હરિને ભજ્યા નહિ રે,
માણ્યું પરદારા પર મન રે,
વળી કાંઈ ખોયું રે, કામની કલ્પના રે,
માયા શું બાંધ્યું રે મન...ટેક

પચ્ચીસ ને પચાસ રે, તે પ્રપંચે ગયા રે,
આવ્યા સાઠ વર્ષના દિન રે,
સીત્તેર સુધી રે, કાંઈ સમજ્યો નહિ, હવે
શું સાધવા ચાલ્યો વન રે....૧

નયણે નહિ સૂઝે રે ગળે બહુ નાસિકા,
સુકાઈ, શિથિલ થયું તારું તન, રે,
દંતને રેખું રે મુખમાં દીસે નહિ તોયે,
પાપી ઉદર માગે અન્ન....૨

ભાગ્યહીણો રે આવ્યો અવસર ઓળખ્યો નહિ,
જાણે હરિના જન રે,
નરસૈયાના સ્વામી રે સુખમાં સંભારજો,
વ્હાલો પૂરણ પ્રેમાનંદ રે...૩

## ૨૮

રુડીને રસાળી રે વ્હાલા તારી વાંસલડી રે,
તે મારે મંદિરિયે સંભળાય,
સોના ને રૂપાનું રે હરિ મારું બેલડું રે,
ઓઢણિયે રત્ન જડાવું અમૂલ્ય....૧

પાણીલાને કારણે બેની જોવા નીસરી,
બેલડું મૂકયું સરોવર પાળ,
ઓઢણી તો ભેરવી આંબા કેરી ડાળ રે,
જીવ તો આકુળવ્યાકુળ થાય...૨

કાનજી કોડીલો રે છેડલો ગ્રહી રહ્યો રે,
મેલો મેલો પાતળિયા ભગવાન,
સાસુ અમારી રે, અમો પર ખીજશે રે,
નણંદ સાહેલી દેશે ગાળ....૩

એકને અંધારી હો બીજી મારી વેરણ રે,
જાગ્યા ત્યારે ઝાંઝરનો ઝમકાર,
ઘણા દિવસની રે ગુંજા સૌ ટોળે મળી રે,
હવેમારે કરવો શામળિયાનો સાથ..૪

રંગના ભીના રે રમવા આવજો રે,
વ્હાલેમારે અમનેરમાડયોરાસરે,
નરસૈયાનાસ્વામીરે બાઈમિનેત્યાં મળ્યા રે,
વ્હાલે મારે રમાડયા રાસ રે....૫

## ૨૯

ભૂલી છું મોતીનો હાર જમુનાને તીર,
ભૂલી મોતીનો હાર,
એકએક મોતી મારે લક્ષ કરોડનું,
પરોવું સોના તારે રે...ટેક

સાસુ અમારી સઘળે સંતાપે,
નણદી દેશે ગાળ રે,
જેઠ અમારા યુકિતએ રાખે,
દિયર પાડે પોકાર રે....૧

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર,
ઉતાર્યા ભવપાર રે....૨

## ૩૦

ઘેલી કીધી રઘુનાથે બાઈ મને,
ઘેલી કીધી રઘુનાથે રે
નીર જમુનાના ભરવાને જાતી,
ઘડુલો ચઢાવ્યો હરિએ હાથે રે...ટેક

શેરીએ શેરીએ ફૂલડાં વેરાવું,
મોરલી બજાવી હરિએ હાથે રે,
તોડલે તોડલે તોરણ બંધાવું,
મંગલ ગવડાવું સારી રાતે રે બાઈ મને....૧

વૃન્દાવનની કુંજ ગલિનમેં,
પાલવ ગ્રહ્યો હરિ હાથે રે,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
પ્રગટ થયો પ્રભાતે રે, બાઈ મને....૨

## ૩૧

સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી રે
સૂની મઢૂલીમાં જુએ રઘુનંદન, શય્યા સૂની પડી રે...ભોળા...ટેક

નહિ જાણુ હિરણ્યાકંસ હણી ગયો, ન જાણુ ભૂમિએ ગળી રે
વનવગડામેં રહે એક જોગી, બેઠો છે ધ્યાન ધરી રે...ભોળા...૧

જોગીને વેષે રાવણ આવ્યો, છેતરી સીતા હરી રે
લાવો ધનુષ લક્ષ્મણ મારા હાથમાં, રાવણ મારું ફરી રે...ભોળા...૨

સુરદાસ પ્રભુ તુમ્હરે મિલનકો, લઈ ગયો હરણ કરી રે
સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી રે...ભોળા...૩

## ૩૨

નહિ છાંડુ બાવા શ્રી રામનામ, મેરે ઔર પઢનસે કૌન કામ
જંજાલ સકલ સે કૌન કામ

પ્રહલાદ સધારે પઢ નિશાળ, સાથે સખા લિયે બહુત બાલ,
કહાં પઢાવે પંડિત ઔર જાલ,
મેરી પાટીમેં લિખ દો શ્રી ગોપાલ...નહિ છાંડું....૧

સોંડા મુર્ગા કહ્યો હૈ જાય, પ્રહલાદ બંધાયો વેગે લાઈ,
રામનામ કહનેકી છાંડ બાન,
અબ હી છોડા હું મેરો કહ્યો માન...નહિ છાંડું....૨

કહાં ડરાવે પંડિત વારંવાર,
જેને જલ સ્થલ ગિરિસે લિયો ઉગાર,
માર ડાર ભાવે દેહી ઝાર,
રામનામ છાંડું તો મેરે ગુરુ હી ગાર...નહિ છાંડું....૩

કાઢી ખડગ કોપ્યો રિસાયે,
તેરો રાખનારો મોહે બતાય,
સ્તંભ ફોડ પ્રગટે મોરાર,
હિરણાકંસ માર્યા નખ વિદાર...નહિ છાંડું....૪

આદિ પુરુષ દેવાધિદેવ,
જેણે ભકત હિત ધર્યો નૃસિંહ ભેખ,
કહત કબીર તેરો લહું ન પાર,
પ્રહલાદ ઉગાર્યો અનેક વાર...નહિ છાંડું....૫

## ૩૩

અઘટ વસંત ઘટત નહિ કબહું, અવિનાશી હૈ જ્યાંહી
ડાલ ન મૂલ પત્ર નહિ છાયા, ભ્રમર વિલંબ્યો તાંહી...ટેક

જલ બિન કૂપ, ભોમ બિન વાડી, અરઘઉરઘ બિચ કયારી
યહાંકે ફૂલ લઈ વહાં હી વઘાવે, સો માલની પિયુ પ્યારી...૧

પાંચ વૃક્ષ ઊંઘે તે સૂંઘે, પાપ વાસના જાગી
અકલ માલની સુરતિ છાબડી, નિશદિન બિનન લાગી....૨

હોય સન્મુખ માલની પહેરાવે, બાસ બાસ મન ઘીર
શૂન શિખર ગઢ લિયો હૈ મુકામ, યોં કહે દાસ કબીર...૩



## ૩૪

ચલ ચલ રે ભમરા કમલ પાસ,
તેરી ભમરી બોલે અતિ ઉદાસ...ટેક

તેં બહુત પુષ્પકો લિયો હૈં ભોગ,
તેરે સુખ ન ભયો તન બઢયો હૈં રોગ,
મૈં જો કહુંતુમ્હે બાર બાર,
મૈં સબ વન ઢૂંઢયો ડાર ડાર....૧

દિવસ ચાર કો સો રંગ ફૂલી,
ત્યોં હી દેખી કહાં રહ્યો હૈં ભૂલી,
ઈન વન સમ્પત્તિમેં લગેગી આગ,
તબતુમભમરાકહાંજાઓગે ભાગ..૨

પુષ્પ પુરાનો ભયો હૈં સૂક, તબ
તુમ ભમરાકો લગી હૈં ભૂખ,
ઊડ ન સકે પર ગયો હૈં તુટ,
તબ ભમરી રુવે શિશ ફૂટ....૩

તબ ચૌદિશ જુવે મધૂપરાય,
તબ ભમરી લે ચલી શિશ ચઢાઈ,
કહત કબીર મનકો સ્વભાવ,
રામ ભકિત બિના જમકો દાવ....૪

## ૩૫

આરત રૂડી રૂડી મારા વ્હાલા, રૂડો માસ વસન્ત,
રૂડા ૨ વનમાં કેસર ફૂલ્યો, રૂડો કમલાકાન્ત...ટેક

રૂડા ૨ રંગે ૨ બાજા ૨ વગાડે, તારુણી દે કરતાલ,
ચતુરા નારી ૨ શંખ વગાડે, મોરલી મદન ગોપાલ....૧

રૂડો વન વૃન્દાવન સોહે, રૂડો જમુના તીર,
અતિ રૂડી ગોપી ગ્વાલની મંડલી, રૂડો હલધર વીર....૨

રૂડો અબીલ ગુલાલ અગર જો, રૂડો મુખ તંબોલ,
અતિ રૂડો નરસૈંયાનો સ્વામી, નિત નિત ઝાકમઝોળ....૩

## ૩૬

આવો મારા વ્હાલા અતિ રઢિયાળા, ઓપે મંદિર અમારા,
આજ સપરમો દિવસ અમારો, દર્શન થયાં તમારાં...ટેક

નાવલિયાના ધોઉં પાવલિયાં, સિંહાસન પધરાવું,
પાથરવાને ફૂલ પિછોડી, પોઢો તો વાયુ ઢોળું....૧

છપ્પન ભોગ છબીલાજી તમને, પ્રેમ ધરી પીરસું,
રુમઝુમ રુમઝુમ હીડું તમ આગે, તેમ તેમ રૂડી દીસું....૨

પાનતણું બીડું પાતળિયા, તે તમને ખવડાવું,
નરસૈંયાના સ્વામી વસંત ખેલે, જોવાને ત્યાં જાવું....૩

## ૩૭

કહો કેમ વસીએ રે મારા વ્હાલા, ગોકુલ લૂંટ મંડાણી રે,
નંદતણો નાંધડિયો નરહરિ થઈ બેઠો દાણી...ટેક

લાગ નહિ એનો ભાગ નહિ, બાલક જાણી પાળ્યો,
મથુરામેં મહી વેચવાને, મારગડો ટાળ્યો રે....૧

એકનું ઢોળે વ્હાલો એકનું ફોડે, એકનું ગોરસ ખાયે,
એક એકને વ્હાલો અટકળું બોલે, શ્યામ સમ ખાઈ બોલે....૨

એકને વ્હાલો ચીર પહેરાવે, એકને પહેરાવે ચોળી રે,
એક એકને વ્હાલો દધિ ખવડાવે, એકનું મેલે ઢોળી રે....૩

નારી મળી સૌ ભામા ભોળી સૈયરની ટોળી રે,
નરસૈંયાનો સ્વામી વૃન્દાવનમેં, રમે છે હોળી રે....૪

## ૩૮.

પ્રથમ સમાજ આજ વૃન્દાવન, બહીતર લાલ બિહારી,
પંચમી નવલ વસન્ત વધાવવા, ઉમંગે ચલી વ્રજનારી...ટેક

મંગલ સાજ લિયે જુવંતી વૃંદ, મધ્યે ભિખુભાન દુલારી,
ફલ દલ જબ નૌતમ મંજરી, કનક કલશ શુભકારી....૧

ચૂવા ચંદન ઔર અગર જો, ભરી કેસર પિચકારી,
છિરકત ફિરત છબીલી ગાવત, રંગ અનુપમ વારિ....૨

ગાવત ગીત બજાવત બાંગ, નન્ન સે ન અનુહારી,
હેત અહર્નિશ નીરખી સુખશો, અંખિયાં નજર ન ટાળી....૩

## ૩૯

અવિનાશી દુલ્હા કબ મિલે હો,
પ્યારે મિલહે તો જાને ન દઉં...અવિનાશી...ટેક

જલ ઊપજી જલહી સૌ નેહા
રટત પિયાસ પિયાસ,
મૈં વ્રહની ઠાડે મૃગ જોઉં,
રામ તુમ્હારી આશ...અવિનાશી .૧

ખાન પાનકી સુધ નહિ હૈ,
દેહ ગ્રહે કો સાર,
નિશદિન ફિરત ભુવનમેં ભૂલી,
મારી હૈ અંગોઅંગ માર...અવિનાશી .૨

દિવસ ન ભૂખ રૈન નહિ નિદ્રા,
ગૃહ આંગન સોહાય,

સેજડિયાં વૈરણ ભયી મોં કો,
જાગત રૈન બિહાઈ...અવિનાશી .૩

છોડયો ગૃહ સ્નેહ જોડયો તુમસે,
ભયી ચરણે લોલીન,
તલફત ફિરત પ્રેમકી પ્યાસી,
જૈસે જલ વિના મીન...અવિનાશી .૪

મેં તો તુમ્હારી દાસી મોહન,
તુમ હમારે શિરદાર,
દીન દયાલ કૃપા કરો માધવ,
સહાયો સર્જનહાર...અવિનાશી .૫

કહે હમ પ્રાણ તજતહુ મોહન,
કે અપની કર લીજે,
દાસ કબીર વ્રેહ અતિ વધ્યો,
હમંહી કો દર્શન દીજો...અવિનાશી .૬

## ૪૦

નિત મંગલ હોરી ખેલિયે હો, હો મેરે પ્યારે,
નિત હી વસંત નિત હી ફાગ...નિત૦...ટેક

દયા ધર્મ કો કેસર ઘોળ્યો પ્રેમ પ્રીત પિચકારી,
ભાવ ભકિત ભરોસો સદગુરુકો જન્મ સફલ નરનાર...નિત૦...૧

ક્ષમા અબીર ચર્ચો ચિત્ત ચંદન, સુમિરણ ધ્યાન ઘુમાર
જ્ઞાન ગુલાલ અગર કસ્તુરી, ઉમંગે ઉમંગે રસ ડાર...નિત૦....૨

ચરણામૃત પ્રસાદ સતરંજ, લીજે શીષ ચઢાય,
લોક લાજ કુલ કહેત તોડકે, નિર્ભય નિશાન બજાય...નિત૦....૩

કથા કીર્તન મંગલ ઓચ્છવ, જ્યોં સંતનકી ભીર,
કબહુ કારજ બિગડે ન તેરો, યોં કહે દાસ કબીર...નિત૦....૪

## ૪૧

ઐસે મન સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે,
જન્મ મરણ ભય જાય...ઐસે૦ ટેક

જોગ જુગતકી કરો પિચકારી, ક્ષમા ચલાવનહાર,
આત્મા બ્રહ્મ જબ ખેલન લાગે, પાંચ પચીશ મોઝાર...ઐસે૦ ૧

ઈંગલાપીંગલા ને સુષુમ્ણા નાડી, સુરતનુરતલિયે લાર,
અપને પિયુ સંગ હોરી ખેલો લજ્જા કહાન નિવાર...ઐસે૦ ૨

જ્ઞાન ગલીમેં હોરી ખેલો, મચ્યો હૈ પ્રેમકો કીચ,
કામ ક્રોધ દોઉ કુડ કુડ ભાગે, સુની શબ્દ અતીત...ઐસે૦ ૩

સતગુરુ મિલી મોહે ફગુઆ દીના, મારગ દિયો બતાય,
કહેત કબીર ખેલો મન ઐસે, જીજત બ્રહ્મ સમાય...ઐસે૦ ૪

## ૪૨

રસિયો હોરી ખેલવા રે નંદલાલ કુંવર,
ત્યાં બોલાવે વ્રજરાજ જમુનાના તીરમેં
...નંદલાલ કુંવર૦ ૧

સૈયર સર્વે ટોળે મળી રે નંદલાલ કુંવર,
માંહી પ્યારી રાધા સરદાર જમુનાના તીરમેં
...નંદલાલ કુંવર૦ ૨

શ્યામે સખા તેડાવ્યા રે નંદલાલ કુંવર,
કીધો રમવાને ઊલટ અંગ જમુનાના તીરમેં
...નંદલાલ કુંવર૦ ૩

સામા તે સામી મોરચે નંદલાલ કુંવર,
ત્યાં તો મચ્યો અતિરંગ જમુનાના તીરમેં
...નંદલાલ કુંવર૦ ૪

તાલ બજાવે તારુણી રે નંદલાલ કુંવર,
ગાયે સુંદર રાગ વસન્ત જમુનાના તીરમેં
...નંદલાલ કુંવર૦ ૫

વસન્તલીલા જોઈ રહ્યા રે નંદલાલ કુંવર,
ત્યાં નરસૈંયો બલ જાય જમુનાના તીરમેં
...નંદલાલ કુંવર૦ ૬

## ૪૩

વ્રજ કે આંગન રચ્યો હિંડોલો, વ્રજ કે આંગન રચ્યો,
સુર બ્રહ્માદિક દેખન આયે, શંકર તંડવ નાચ્યો...વ્રજકે૦ ટેક

શુક સનકાદિક દેખન આયે, મુનિવર નારદ દેખન આયે,
નંદકો કાલ ઝુલન હમ દેખ્યો, બડી લૂંટ હમ પાયે....વ્રજકે૦ ૧

વ્રજકી નાર અટા ચઢી દેખે, અપનો તન મન ઓવારે,
પરમાનંદ દાસ કો ઠાકોર, ચિત્ત ચોર્યો તનકો રે....વ્રજકે૦ ૨

---

## ૪૪

ભકત હિંડોળેના રે, માંહી ઝૂલે આતમરામ,
પ્રેમ ભકત હિંડોળના રે, સબ સંતનકો વિશ્રામ....ભકત૦ ટેક

ચાંદા સૂરજ દોઉ સ્થંભ રૂપે, બંક નાલ કી દોર,
ઝૂલે રે, પાંચ પ્યારીયાં રે, તહાં ઝૂલત હેં સિયામોર....ભકત૦ ૧

દ્વાદશ ગમકે અંતરે રે, જહાં અમૃત કો વાસ,
જેણે એ અમૃત ચાખ્યાં રે, સો ઠાકોર હમ દાસ....ભકત૦ ૨

સ્હેજ શૂન્ય કો નેહડો રે, ગગન મંડલ સિયામોર,
દો કુલ હમ આગવી રે, હમ ઝૂલે એહી હિંડોળે રે....ભકત૦ ૩

અરધ ઉરઘકે ગંગા જમુના, મોલ કમલા ઘાટ,
ષટ ચકકી ગાગરી રે, ત્રિવેણી સંગમ ઘાટ....ભકત૦ ૪

નાદ બુંદકી નાવડી રે, રામ નામ ખેવનહાર,
કહે કબીર ગુણ ગાઈ લો રે, ગુરુ ગમ ઉતરે પાર....ભકત૦ ૫

## ૪૫

ભર્મ હિંડોળેના ભર્મ હિંડોળેના, કહો કોન ઝૂલન આયે
આ રે હિંડોળે જે કોઈ ઝૂલે, સતગુરુ કહ્યો સમજાય...ટેક

પાપ પુન્ય દોઉ સ્તંભ રૂપે, મનસા રચ્યો હૈ હિંડોળો,
ઝૂલત જીવ જહાન ઈતસ્તત:, કબહુ ન પાયો ઠોર....૧

લક્ષ ચોર્યાસી જીવ ઝૂલે, રવિ શશિ ભયે બિગાર,
અનંત કોટિ જુગ ઝૂલ્યા રે, અજહુ ન માને હાર....૨

ગુણી ગંધર્વ મુનિ ઝૂલ્યા રે, શેષનાગ સુમેરુ,
બ્રહ્મા વિષ્ણુ મહેશ ઝૂલે, કાર્ય જ લઈ લઈ ફેર....૩

ધરણી આકાશ દોઉ ઝૂલ્યા રે, પવન પાવક અરુ નીર,
દેહ ધરી હરિ ઝૂલ્યા રે, યોં કહે દાસ કબીર....૪

## ૪૬

હાંનિહારે સુભગ સાવન આયો,
દશરથ દ્વારે હિંડોળો સોહાય

હનિહાંરે પ્રથમ દિવસ ત્રીજ અજવાળી,
રચ્યો હિંડોળો પરમ સુખકારી...ટેક

પરમ સુંદર સરસ શોભા, શેષ સહસ્ર ન શકે કહી,
યુગલ ખંભ અનુપ સુંદર દાંડી ચાર ઝગમગ રહી..હનિહાંરે૦ ૧

મખબલ કે તકિયા બિરાજે, બિછુના બહુવિધ બને,
લાલ દોરી ગ્રહી ઝુલાવત, ચિત્રકે ચન્દ્રવા તને..હનિહાંરે૦ ૨

કનક પુષ્પ અનેક રચના, હિંડોળો હરિ મન ભાવહી,
કહેત કૃષ્ણદાસ અવસર, શુભ સાવન આવહી..હનિહાંરે૦ ૩

## ૪૭

સરસ હિંડોળોના માંહી ઝૂલત કૌશલ્યા રાય ...ટેક

અવધ મધ્ય હિંડોળેના જહાં રહ્યો કલ્દ્રુમ છાંય,
કનક આંગન કનક મંદિર, કનક કલશ સોહાય,
રચી રે રચના વિવિધવિધના, નાના વાજિંત્ર વધાય
દેખી રતિપતિ ભયો લજ્જિત, રહ્યો શિશિ નમાય...સરસ૦ ૧

રત્નજડિત દોઉ સ્થંભ સુંદર, પ્રીત હાટક હીર,
જહાં લાલ દોરી ગ્રહી ઝુલાવે, બહેત સુગંધ સમીર,
જાનકી તન સજી આભૂષણ, પહેરે નૌતમ ચીર,
મુગટમણિ નંદલાલ મુકતા, ઝલકે શ્યામ શરીર...સરસ૦ ૨

કોઈસખી લિયે ચમરવીઝણો, કોઈપુષ્પઅરુપાન,
કોઈ રાગ મલાર ગાયે, લઈ ઊંચી ઊંચી તાન,
કોઈ સખી તન તોડ ડાલે, વાર હી તન પ્રાન,
પ્રેમ પુલકિત રીઝી દંપતિ, દેત ચિતવ નિદાન...સરસ૦ ૩

પ્રેમ ધ્યાન સુજ્ઞાન લીલા, ગાવહી નરનાર,
ભકત વાંછિત વાસ હરપુર, પાવ હી ફલચાર,
દક્ષિણે દશરથસુત બિરાજે, વામે જનકકુમારી,
પ્રેમાનંદ જુગલ છબી પર, તન મન ધન બલિહારી...સરસ૦ ૪

## ૪૮

સોરંગ હિંડોળેના રે માંહી ઝૂલત ગોકુલ ચંદ
...ટેક

દોઉ સ્તંભ કંચન કે મનોહર, રત્ન જડિત સોરંગ,
તહાં ચારદાંડી દાંડી સરલ સુંદર નિરખી લજ્જિત અનંગ,
પટુલી પીરોજા લાલ લટકે, જુમખા બહુ રંગ,
મરુવા માણેક ચુની લાગી, બીચ બીચ હીરા સોરંગ...સોરંગ૦ ૧

કલ્પદ્રુમ તરુ છાંય શીતલ, ત્રિવિધ મંદ સમીર,
તહાં લતા લટકે ભારકુસુમની, પદસત જમુના તીર,
હંસ મોર ચકોર ચાતક, કોકિલા અલિકિર,
નવ નેહ નવલ કિશોર રાધે નવલ શ્રી ગિરિધરધીર...સોરંગ૦ ૨

લલિતા વિશાખા દેત જોટા, રીઝી અંગ ન સમાય
તહાં લાડલી સુકુમાર દર્પત, શ્યામ ઉર લપટાય
ગોરે શ્યામ અંગ મિલે દોઉ, ભયે એક જભાત
નીલ પીત દોઉ કુલ રંજિત, દામિની દુરી દુરી જાત...સોરંગ૦ ૩

નવકુંજ કુંજ ઝુલાય ઝુલાવત, સંચરિ ચહું ઓર
માનુ કુમુદિની કમલ ફૂલે, નીરખી જુગલ કિશોર
વ્રજવધૂ તન તોડ ડાલે, દેત પ્રાન અંકોર
કૃષ્ણદાસ કો વ્રજવાસ દીજે, નાગર નંદકિશોર...સોરંગ૦ ૪

## ૪૯

ઝૂલે નવલબિહારી પ્યારો લાલ ઝુલાવન આઈ...ઝૂલ૦ ટેક

સોરંગ હિંડોળો લાલકો રે, જોડી જુગલ શોહાય,
ઝુલવિ સબ ગ્વાલની રે, તહાં બૈઠે કુંવર કનાય...ઝૂલ૦ ૧

મણિકાંચનકે સ્થંભ મનોહર, વિદ્રુમ દાંડી શોહાય,
પચરંગ દોરી પાટકી રે, તહાં પટુલી પાંચ જડાય...ઝૂલ૦ ૨

બરન બરનકે ફૂલ રે, જહાં મોતિઅનકો ઝૂમ બનાઈ,
માનુની ગાવે મોદ શું રે, તહાં બાજે અનંત બધાઈ...ઝૂલ૦ ૩

મોહી રહી સુર સુંદરી રે, જહાં કુસુમની વર્ષા કરાઈ,
શોભા દેખી દંપતિ રે, તહાં કૃષ્ણદાસ બલ જાય...ઝૂલ૦ ૪

## ૫૦

હિંડોળો નવરંગ્યો રે સજની, ત્યાં ઝૂલે શ્રી વલ્લભરાય,
ચાલો સાહેલી જોવાને જઈએ, આ સુશ શોભા કહી ન જાય...ટેક

નવરંગ કનક સ્થંભ દોઉ સુંદર, નવરંગ દાંડી ચાર સોહાય,
નવરંગ ચોકી તકીઆગાદી, નવરંગ મોતીની ઝૂમ બનાય....૧

નવલ લાલ નવરંગી રાધા, નવરંગ જુવતી ઢોળે રે વાય,
નવરંગ મોર કલા કરી નાચે, નવરંગ જમુના લ્હેરે રે જાય....૨

નવરંગ પુષ્પવૃષ્ટિ વ્રજઉપર, ઈન્દ્રાદિક ત્યાં દુદંભિ વાય,
નવરંગ ભકતતણા મન મોહે, માધવદાસ ઉમંગી જશ ગાય....૩

## ૫૧

પરમ ચતુર ઝૂલે નાથ અમારો, રાધાજીની સંગે રે,
વરણું રે અંગ અંગની શોભા, વારું કોટિ અનંગ રે...ટેક

સાવન માસ પરમ સુખકારી, ઝરમર વરસે મેહ રે,
દાદૂર મોર પપૈયા બોલે, ઊપજે અતિ સ્નેહ રે....૧

આજ મેં અદભુત કૌતુક દીઠું, સીચંતા હરિ હસ્યા રે,
શ્યામ સન્મુખ દૃષ્ટિ કરીને, કરીને પ્રીછે બેઉ રસિયા રે....૨

શ્યામ સુભગ ને રાધા ગોરી, સોરંગ હિડોળે ઝૂલે રે,
જેમ જેમ ઘુમ્મર ઘાલે સજની, તેમ તેમ નરસૈંયો ફૂલે રે....૩

## ૫૨

ઝુલાવન આયી ગોપી ઝુલાવન આયી,
ચલ હો હિંડોળો દેખન વનમેં, અશ ચંપેકી છાંય...ઝુલાવન ટેક

પહેરત પીત પીતાંબર સુંદર, સાડી સુરંગ સોહાય,
શ્યામા શ્યામ બરોબર બૈઠી, શોભા વરણી ન જાય...ઝુલાવન ૧

મણિકાંચનકે સ્તંભ મનોહર, દાંડી ચાર સોહાય,
પરમાનંદપ્રભુ ઝૂલે હિંડોળે ગોપી ઝુલાવન આયી...ઝુલાવન ૨

## ૫૩

સજની જુઓ નાથ નિહાળી, વ્હાલો વાયે છે વેણ રસીલી,
ઘુમરડી તે અબલા ઘાલે, સુખસાગર મોહન મ્હાલે....૧

શિર મુગટ મહા મણિ સાર રે, કાને કુંડલ જ્યોત અપાર રે,
વનમાલા ઉરપર લ્હેકે રે, તહાં ચૂવા ચંદન બ્હેકે રે....૨

શ્યામલડી સોહે સંગે રે, અતિ ઊલટ વાધ્યો અંગે રે,
વ્હાલો હસી હસી હૃદીઆ ભીડે રે, કામની મન્મથ પીડે રે....૩

શ્યામા સન્મુખ ઊભી રે, શણગાર સકલ તહાં શોભે રે,
શ્યામા સાન કરી કરી જૂએ, જુવંતી જનના મન મોહે રે....૪

તાલી તાલ પખાવજ ગુગરડી, આગળ નાચે છે નારી રૂડી રે,
ઉમંગ્યો રસ કૌતુક ભારી, આનંદિત અબલા નારી રે.....૫

ઘુમરડી ઘાલે લાંબી રે, પાયે ખલકે તે કલ્લાં કાંબી રે,
એને નાદે નૂપુર વાજે રે, પડછંદે પૃથ્વી તે ગાજે રે....૬

વ્હાલાં મરકડલાં કરી બોલે રે, તેમ આવી હીંચે હિંડોળે રે,
વ્હાલાને વ્હાલેરી લાગે રે, માન મૂકી સખી પાયે લાગે રે....૭

નરસૈંયો રસમેં માતો રે, ગોપીવરનાં ગુણલાં ગાતો રે,
તે પામ્યો મહાફલ મોટું રે, હું તો ચરણકમલમાં લોટું રે....૮

## ૫૪

આજનો હિંડોળો રે અતિ રળિયામણો, તહાં ઝૂલે નંદ  કુમાર,
સંગે ઝૂલે રે હો રાધા સુંદરી, રાય વૃષભાનની કુમારી ...ટેક

કનકના સ્તંભ રે હો બે હીરે જડયા, દાંડી સોહે સુંદર ચાર,
પંચ ને પીરોજા રે અતિશય ઝળહળે, ફરતી મોતીઓની ઝૂલ ....૧

ઝુલાવવાને આયી રે વ્રજની સુંદરી, તેને સોહે સોળ શણગાર,
રુમ ઝુમ કરતાં રે સર્વે નીસરી, હંસગામિની નાર ....૨

વાજિન્ત્ર વાજે રે બહુ વિધવિધના, વૈષ્ણવજન ગાયે સાર,
સુરિનર મુનિ રે સર્વે મોહી રહ્યા, બોલે જૈ જૈ શબ્દ રસાલ ....૩

અંતરીક્ષથી આવી રે ઈન્દ્ર ઊભા જુએ, જહાં ઝૂલે દેવ મોરાર,
શોરા શોરી રે ઝૂલે સન્મુખ રહી, હરિજશ ગાવે કેશવદાસ ....૪

## કેદારાની સાખી

કેદારો જબ કજીએ, મુખે જપીએ રામ
અવર રાગ સૌ દેવતા, મારે કેદારો ભગવાન...૧

કેદારો કંકણ લવે, મોર લવે મલ્હાર
તું શું લવે બાઈ શંખણી, તારે પુત્ર ન લખ્યો લલાટ...૨

કેદારો જબ કીજીએ, આધી રૈન જબ જાય
મૈં સૂતી ભર નિદ્રા મેં, પિયા કૌન સુઘડ નર ગાય...૩

જલધારા નયણે ઝરે, રુદન કરે તેણીવાર
વ્રજનારી વિઠ્ઠલ વિના, પામી દુઃખ અપાર...૪

## ૫૫

દેખ હો વસુદેવ હરિમુખ, દેખ હો વસુદેવ,
કોટિ કામ સ્વરૂપ સુંદર, કોઈ જાણે ભેવ...હરિ૦ ટેક

ચાકે ચાર ભુજા ચાર આયુધ નિરખી લે નિરધાર,
અજહું મન પ્રતીત નાહિ, નંદ ગૃહે લે જાય...હરિ૦ ૧

જોકે પોલી પાલા જડે તાળાં, નાહિ ન માર્ગ ભેવ,
નિશા અંધારી વીજ ચમકે, સઘન વર્ષે મેહ...હરિ૦ ૨

જાકે શ્વાન સુતે અસુર પોઢે, હુઆ મુકત દ્વાર,
બંધન બેડી સબ છૂટી, ભયો એહ વિચાર...હરિ૦ ૩

ઝાલરઝાંઝ પખાવજ બાજે ઔર બાજે કિરતાલ,
દેવકી ગૃહે કૃષ્ણ પ્રગટે, કંસકો હૈ કાલ...હરિ૦ ૪

સિંહ આગે શેષ પીછે, વહત જમુના પૂર,
નાસિકા લો નીર આયે, પાર પેલે દૂર...હરિ૦ ૫

ગોદ તેં અહંકાર કીનો, નદી પાયો ભેવ,
પરસી જમુના માર્ગ દીનો, ઊતરે વસુદેવ...હરિ૦ ૬

બાવાનંદ શું મનોહાર કીજે, સુનો કહે વસુદેવ,
કહેત કવિ સુત જાની અપનો, કીજો હરિજીકી સેવ...હરિ૦ ૭

## સ્તુતિ

અચ્યુતમ કેશવમ રામનારાયણમ
કૃષ્ણ દામોદરમ વાસુદેવમ હરે......

શ્રીધરમ માધવમ ગોપિકા વલ્લભમ
જાનકીનાયકમ રામચન્દ્રમ ભજે......

રામ રામ રામ રામ રામ નામ તારકમ
રામકૃષ્ણ વાસુદેવ ભકિત મુકિતદાયકમ......

શંકરાય ક્રિયમાણ પુન્ય દાન કીર્તનમ
શ્રી જાનકી મનોહરમ રામચન્દ્રમ હરે......

## ધોળ

આજસખી અષ્ટમી ને બુધવાર રે
પ્રગટયા શ્રી પુરુષોતમ પ્રાણાધાર રે..................................... ૧

પહેરો બેની શોભીતા શણગાર રે
જાવું છે નંદતણે દરબાર રે..................................................... ૨

નંદજીના ભાગ્ય તણો નહી પાર રે
ધન્ય ધન્ય માતા જશોદા માડી રે......................................... ૩

પુત્રના તો શ્રીમુખ નીરખો છો દહાડી રે
એવા તો પુત્ર જન્મીને સુખ દીધાં રે...................................... ૪

વિપ્રને તો દાન ઘણાં એક દીધાં રે
ત્યાં તો કોઈતરીયા તોરણ બંધાવો રે.................................. ૫

વાલાજીને વિવેકે વધાવો રે
એવી છે દાસ હરિભટ્ની વાણી રે
તેને તમે હ્રદયમાં રાખો ને આણી રે.................................... ૬

## ૫૬

સોનલા કેરું રે સુંદર પારણું, મોતીડે પરોવ્યા દોર,
હીરલા કેરું રે જડયા હંસલા, માણેક જડયા મોર...ટેક

બ્રહ્મનાથ રે હો પોઢયા પારણે, પોઢયા હરિ પારણા મોઝાર,
હરિ હુલરાવે રે માતા જશુમતિ, હર્ષે હાલેડું ગાય... ૧

ધન્ય ધન્ય માતાજશુમતિ ધન્ય ધન્ય નંદજી તાત
ધન્ય ધન્ય રે વ્રજની સુંદરી, ધન્ય ધન્ય વ્રજનો વાસ... ૨

કોણકોણ પુણ્યરે પુત્રહમો આચર્યા વિપ્રને દીધાંરે દાન,
પાવન કીધો રે વંશ હમારો, બલ જાયે માધવદાસ નિધાન... ૩

# પંથીડાની સાખી

હીંડે વન વન શોધતી, શ્રી વૃન્દાવન મોઝાર
વાડી વેલે સર્વે જોયું, હવે જુવે સરોવર પાળ............................ ૧

ગર્વ જાણી ગોરીતણો, હરિ ભયે અંતર્ધ્યાન
એંધાણી જોતી પંથની, નયણે છૂટયાં ઝરણ............................ ૨

## ૫૭

પંથ નિહાળતી રે હો, જોતી પ્રીતમનાં પગલાં
મધ્યનિશાએ ઘેલી હો, ભરતી લથડતાં ડગલાં...ટેક

ચૌદિશી નિહાળતી રે હો, જાણે વનચરતી હરિણી રે હો
સુધ બુધ વિસરી હો પ્રભુ મારા તે તારી કરણી રે....૧

શ્યામા સૌ ટોળે મળી રે હો, હીંડે મારગડો જોતી રે
નયણે નીર ઝરે રે હો, ચતુરા ચીરથી લ્હોતી રે....૨

શ્યામ સૌ ટોળે મળી રે હો, મનમાં કીધો વિચાર રે
ચાલો સખી ત્યાં જઈએ હો, જ્યાં રમતા નંદકુમાર રે....૩

જોતા સૌ ત્યાં ગયા રે હો, જ્યાં છે જલ યમુના નીર
અહીં હરિ બેસતા રે હો, જમતાં કર્મલડો ને ક્ષીર....૪

વ્હાલો વગાડતો વાંસડી રે હો, ગોપી ગાતી સર્વે ગીત રે
તે કેમ વિસરું રે હો, પ્રભુ મારા પૂર્વ જન્મની પ્રીત રે....૫

જતને જાળવું રે હો, જોબન ભૂધર ભેટ કરીશ રે
જો હરિ નહિ મળે રે હો, મારા પાપી પ્રાણ તજીશ રે....૬

શ્રી હરિ શ્યામળા રે, ધરતાં ધાબળિયાનો વેશ રે
કેડલો પૂછતી રે હો, કહો મને કૃષ્ણનો ઉપદેશ રે....૭

આણે આણે મારગડે હો, આવ્યા લક્ષ ચોર્યાશીમાંય રે
મનષા દેહ ધરી રે હો, પ્રભુ મારા આવાગમનની વાર રે....૮

પૂછું પેલા દ્રુમને હો, કહો મને નાગર કેરી ભાળ રે
વનિતા વલવલે રે મળવા આતુર શ્રી ગોપાળ રે....૯

તારુણી ટોળે મળી રે હો, કરવા લાગી કંઠ રુદન રે
વ્રહદેવના સ્વામી મળો રે હો ધ્યાન આલિંગન રે..૧૦

## ૫૮

જી રે પગરણે વ્હેલા પધારજો
સધારજો રે સધારજો સેવકના કામ...પગરણ૦ ટેક

જી રે તમો વિના સર્વે શોભે નહિ
ઘણુ લાભે રે ઘણુ લોભે મળવા મન...પગરણ૦ ૧

જી રે વ્હાલાની જોઉં છું વાટડી
પાવન કરજો રે પાવન કરજો અમારા ધામ...પગરણ૦ ૨

જી રે અબલાની આશા પૂરજો
ઘણુ શું કહીએ રે ઘણું શું કહીએ પ્રાણધારા...પગરણ૦ ૩

જી રે રામ કૃષ્ણ પ્રભુ જન રંકને
વ્હાલા પૂરજો રે વ્હાલા પૂરજો જનમની આશ...પગરણ૦ ૪

## ૫૯

ગંગા જમનાનાં નીર મંગાવો, વર વનમાલીને ઉઘલાવો
કેસરીઆ વાઘા ને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે...ટેક

પાઘડીએ સોના સેર બંધાવો, ફૂમતડાં લટકે લટકાવો
બંધુવરને ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે....૧

શ્રીફળ ફોફળ લીધાં છે હાથ, મોડ બાંધીરે જશોદા રે માત
વામન દીવડો ગ્રહ્યો છે હાથ, વરઘોડે વર શોભતો રે....૨

ગોકુલમાંરે સૌ જોવાને મળ્યા, રૂપ દેખીરે સૌનું ચિત્તડું ચઢયું
વલ્લભનું મન આનંદમાં મળ્યું, વરઘોડે વર શોભતો રે....૩

રાધાજી ઘણું હરખ્યાં મન, આજ અમારો અવતાર છે ધન્ય
પ્રગટયું પૂર્વજન્મનું પુન્ય, તો પૂરણ બ્રહ્મને પરણીએ...ટેક

મારા મનમાં હતી એક વાત, તમે જાણી જદુનાથ
જનમોજનમ તમારી સાથ, તો પૂરણ બ્રહ્મને પરણીએ....૧

અંતરીક્ષથી બહુ વાજાં વાગે, જાણે ગગનમાં મેહુલિયો ગાજે
દેવતા આવ્યા વધાવવને કાજે, તો પૂરણ બ્રહ્મને પરણીએ....૨

સૌ સાજન મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધા છે ખોળે
વલ્લભ ઊભા વાવ જ ઢોળે, તો પૂરણ બ્રહ્મને પરણીએ....૩



## ૬૧

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાંથી પ્રગટ્યા શ્રીસુંદીરશ્યામ
કરવા સેવક જનનાં કામ, તો ધન્ય જશોદા માવડી રે...ટેક

અંધારી આઠમ અજવાળી, તે દિન પ્રગટ્યા શ્રી વનમાલી
મંગલ ગાયે સૌ વ્રજની નારી, તો ધન્ય જશોદા માવડી રે....૧

તરિયાં તોરણ બાંધ્યાં છે દ્વાર, સાથિયા શોભાતણો નહિ પાર
દધિ છાંટે સૌ નર ને નાર, તો ધન્ય જશોદા માવડી રે....૨

વેદ કહે છે પૂરણ બ્રહ્મ, જાણે નહિ કોઈ એનો મર્મ
શાં શાં નંદે કીધાં શુભ કર્મ, તો ધન્ય જશોદા માવડી રે....૩

વ્રજમેં ન્યાલ કીધાં તે કહીએ, એના ભાગ્યનો પાર ન લઈએ
હૃદયમાં રાખ્યા નંદને છૈયે, તો ધન્ય જશોદા માવડી રે....૪

ભજની ભૂપ નિત બહુ જાગે, ભકિત કૃષ્ણ વિના સહુ ત્યાગે
વ્રજભૂમિ અતિ સુંદર લાગે, તો ધન્ય જશોદા માવડી રે....૫

જાચક આવી જનમ યશ ગાયે, નંદ વધાવીને ન્યાલ જ થાય
એના આપ્યાં મુખથી ના કહેવાયે, તો ધન્ય જશોદા માવડી રે....૬

દુદુંભિ દેવતણાં બહુ વાગે, પશુપંખી પાવલીએ લાગે
ભકિત ભાવ સદા મુખ માગે, તો ધન્ય જશોદા માવડી રે....૭

દિન પૂંઠે દિન હર્ષમાં જાય, વ્રજમાં બાલ લીલા નિત્ય થાય
વલ્લભ વેદ પુરાણે ગવાય, તો ધન્ય જશોદા માવડી રે....૮

---

## ૬૨

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાં પ્રગટ્યા શ્રી સુંદીર શ્યામ
કરવા સેવકજનનાં કામ, તો ધન્ય જશોદા માવડી રે.................ટેક

ભૂતલ ભાર થયો અતિ ભારી, ત્યારે હરિએ મનુષા દેહ ધારી
કંસાસુરને મારવા નાખી, તો ધન્ય જશોદા માવડી રે.................૧

તેત્રીસ કરોડ દર્શને આવે, તનમન સહિત બહુ ભેટ લાવે
માનુની નિશદિન મંગલ ગાવે, તો ધન્ય જશોદા માવડી રે ........ ૨

શિવજી કહે છે સુણો મોરી માય, માતજી અમને આપો વધાઈ
જાચકજન સહુ આવ્યા ધાઈ, તો ધન્ય જશોદા માવડી રે ............ ૩

માણેક મોતી ને હીરા ઝવેર, નંદજીને દ્વારે લીલાં લહેર
દાન આપે નિત નવનિધ ઘરે, તો ધન્ય જશોદા માવડી રે .......... ૪

નાનાવિધના વાજિન્ત્ર વાગે, પારણે પોઢયા હરિ ભકતને કાજે
ટોપી ઉપર કોટિ સૂરજ બિરાજે, તો ધન્ય જશોદા માવડી રે ......... ૫

કમલનયન હરિની જ્યોત અપાર, ઉર લ્હેકે મોતીનો હાર
કેડે કંદોરા ને સાંકડી સારા, તો ધન્ય જશોદા માવડી રે ................. ૬

સુંદર સરિતા જમુનાનાં નીર, ત્યાં રમે હરિ બલિભદ્ર વીર
ગુણવંતા ગુણના ગંભીર, તો ધન્ય જશોદા માવડી રે ................. ૭

દર્શન કરે તેના ભવદુ:ખ ટળે, મોતીએ વધાવે તેને રૂપ નિહાળે
જશુમતી સુતના ચરંપખાળે, તો ધન્ય જશોદા માવડી રે.......... ૮

## ૬૩

પ્રભુજી વિના મારે પલક ના ચાલે, વેણની વાત વધારી મારે વ્હાલે
ધન્ય વિધાતા એ વર માગું, તો બલવંત માગુ બાં'યડી રે
...ટેક


સાંભળ મા, મા, એ વર રૂડો, જેની દૃષ્ટિએ સંસાર છે રૂડો
નાનો છે તો પરાક્રમે પૂરો, તો રૂડો અવિચલ ચાંદલો રે
....૧

મોહની મારી નિર્મુખ જોતી, હું ફરું રંગ રસિયો જોતી
એ વર નજરે ન આવે બીજો કોઈ, તો હું મોહી ગોકુલ કહાનને રે
....૨

જોશીડા તેડાવી ને જોશ જોવડાવો, ઘડિયાલાં લગન લેવડાવો
વાત વિવેકી એને વધાવો તો કહાવો જશોદાનંદને રે
....૩

ધોળીડાં તેડાવીને ધોળ ગવડાવો, નવરંગી ચોળી ચિતરાવો
ચોંકેલાં ખૂપને ખંતથી લખાવો, તો ઘરાવો મુજ હરિને કારણે રે
....૪

મારા પિતાજીને લક્ષ તમારું, જુઓ બાઈ ભાગ્ય પૂરશે તમારું
પહોચતાં પહોંચે કોડ અમારો, તો રણછોડ બોલ્યા કરગરી રે
....૫



૬૪

સતગુરુજી રે લગન લઈ આવ્યા,
શબ્દ સંસાર મારે મન ભાવ્યા
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા,
તો ભાગ્ય ફર્યાં પેલા ભવતણા...ટેક

શબ્દરૂપી ચાંદલિયો ચોડયો
નિવૃત્તિ કન્યા શું વિવાહ જોડયો
કામક્રોધનો ભય સહુ મોડયો
તો વિવાહ જોડયો જુગતે કરી ગયો રે....૧

ગગન મંડલમેં માંડવો રચાવ્યો
પચરંગી રંગે રંગાયો
અમીરસરૂપી દોરીએ બંધાયો
તો સાયો કાચે તાર શું રે....૨

મંડપની શોભા અતિ સારી
રત્નજડિત ઝરૂખા ને જારી
અનંત કલા સુરતિ જાયે વારી
તો ઝલહલ જ્યોતિ ત્યાં ઝળહળે રે...૩

હ્રદયમેં હરિવર તોરણે આવ્યા
સોળે કળા સંપૂર્ણ લાવ્યા
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા
તો નિરખ્યાં રૂપ નયણા ભરી રે....૪

સુષ્મણા સાસુજી પોંખવા આવ્યા
પાંચ પચ્ચીશને વાળી લાવ્યા
ઈંગલા પિંગલા બેડલાં ચઢાવ્યાં
તો પોંકણ પોંખ્યા પ્રેમશું રે....૫

નિવૃત્તિ કન્યાને પધરાવો
સતગુરુ શબ્દનો હસ્ત મેળવાવો
રણકાર વેદની ધુમ મચાવો
તો અનહદ વાજાં ગડગડે રે....૬

ભજન કરી જેને હરિવર વરીઆ
જન્મમરણનો ફેરો ટળીઆ
કહે પ્રેમદાસ સાચા સતગુરુ મળ્યા
તો અખંડ ચૂડો અમર રહ્યો રે....૭

૬૫

ગુરુ ચરણે કરજોડી લાગું, સદા પ્રભુજીની ભકિત માંગું
હરિગુણ ગાઈ આનંદ શું જાગું, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે
...ટેક

ભકિત મારગ ભૂધર કાંઈ નવ લેતી, દુ:ખ ને સુખ શરીરે સહેતી
સદા પ્રભુજીના વિશ્વાસે રહેતી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૧

દુર્બલ જાણી પ્રભુ દયા કીજે, ચરણ કમલની સેવા દીજે
હરિગુણ ગાઈ મારું મન રીઝે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૨


હું અપરાધી ને કોણ મારું ગજું, સંસાર સાગર કયી પેર તજું
રામનું નામ કયી પેર ભજું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૩

રામજી વિના કારજ કયી પેર સરશે મીઠડી માયા પ્રભુ મારું મન હરશે
લક્ષ ચોરાશીનો ફેરો પડશે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૪

કાયાવાડીનો કોણ રખેવાળ, સેવક જાણી પ્રભુ સન્મુખ ભાળ
લક્ષ ચોરાશીનો ફેરો ટાળો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૫

જુગજીવન તમે દેવકીના જાયા. કોઈ ન જાણે પ્રભુ તમારી માયા
નંદજીના સુત ગોકુલમાં કહેવાયા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે

ધન જીવ્યું રે ગોકુલની ગોપી, જાદવકુળની લજ્જા લોપી
તનમનધન હરિચરણે સોંપી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૭
ગિરિ ગોર્વધન નખ પર તોળ્યો, જઈ મથુરામેં કંસને રોળ્યો
માતપિતાનાં બંધન છોડાવ્યાં, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૮
રામનું નામ પ્રહલાદજી ભણ્યા, નૃસિંહ રૂપે હિરણ્યાકંસ હણ્યા
સઘળા ભૂપમેં છો તમે બળિયા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૯
રામાવતારે રાવણને માર્યો, બાંધી સાઙ્કાર સેના પાર ઉતારી
ભકત વિભીષણને રાજે બેસાર્યો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૧૦
સુદામાને હરિએ નવનિધિ આપી, જન્મોજનમનું દારિદ્રય કાપ્યું
ધ્રુવને રાજ્ય અવિચલ આપ્યું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે
...૧૧
રંકા વંકા ને કાલુ કેવલ કૂબા, રઘુરાય અયોધ્યાના સૂબા
હનુમાન હરિચરણે સન્મુખ ઊભા તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે



## ૬૬

અખંડ સાહેબજી કો નામ ઔર સબ ખંડ હૈ
સાધુ ખંડિત મેરસુમેર, ખંડિતબ્રહ્માંડ હૈ ................ અખંડ... ટેક

સ્થિર ન રહે ધીર ધ્યાન, જીવન કો ધુંધ હૈ
સાધુ લક્ષ રે ચોરાશી જીવ, પડયા જમ ફંદ હૈ ........................ ૧

ચંચલ મન સ્થિર રાખ, જબ ભલે રંગ હૈ
ઉન સંતન કે સંગ, સદા આનંદ હૈ ........................................ ૨

જિનકે સાહેબજી કે હેત, સોઈ નિર્બંધ હૈ
ઉલટ નિકટ ભર પિયુ, અમૃત ગંગ હૈ ........................................ ૩

દયા ભાવ ચિત્ત રાખ, ભકિત કો અંગ હૈ
કહે કબીર ચિત્ત ચેત, જગત પતંગ હૈ ........................................ ૪

## ૬૭

હરિને ભજતાં હજી કોઈની લાજ, જતાં નથી જાણી રે
જેની સુરતા શામળિયાને સાથ, વદે વેદવાણી રે....હરિને૦ ટેક

વ્હાલે ઉગાર્યો પ્રહલાદ, હિરણ્યાકંસ માર્યો રે
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે....હરિને૦ ૧

વ્હાલે નરસિંહ મહેતાનો હાર હાથોહાથ આપ્યો રે
ધ્રુવને આપ્યું અવિચલ રાજ પોતાનો કરી સ્થાપ્યો રે....હરિને૦ ૨

વ્હાલે મીરાં તે બાઈનાં ઝેર, હલાહલ પીધાં રે
પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે....હરિને૦ ૩

વ્હાલે અંબરીષની ઓળખાણ અવતાર દશ લીધા રે
વ્હાલે ગજની કીધી સહાય, પૈદલ પરહર્યા રે....હરિને૦ ૪

આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશે રે
કરજોડી કહે પ્રેમળદાસ, ભકતોનાં દ:ખ હરશે રે....હરિને૦ ૫

## ૬૮

સબસે ઊંચી પ્રેમ સગાઈ..........................................
દુર્યોધનકો મેવા ત્યાગો, સાગ વિદુર ઘર ખાઈ...ટેક

જૂઠે ફલ સબરીકે ખાયે, બહુવિધિ પ્રેમ લગાઈ
પ્રેમકે બસ નૃપ-મેવા કીન્હી, આપ બને હરિનાયી....૧

રાજસુયજ્ઞ યુધિષ્ઠિર કીનોં, તામેં જૂઠ ઉઠાયી
પ્રેમકે બસ અર્જુન-રથ હાંકયો, ભૂલ ગયે ઠકુરાઈ....૨

એેસી પ્રીતિ બડી વૃન્દાવન ગોપિન નાચ નચાઈ
સૂર ક્રૂર ઈસ લાયક નાહીં, કહા લગી કરોં બડાઈ....૩

## ૬૯

નંદ ઘેર આનંદ થાય
ગોકુળમાં નંદ ઘેર આનંદ થાય
અવિનાશીએ અવતાર લીધો
માતાનું મન હરખાય...ગોકુળમાં નંદ ઘેર૦
શ્રાવણ વદ મધ્ય આઠમની રાતે
મંદ મંદ વાયુ લહેરાય...ગોકુળમાં નંદ ઘેર૦
નંદના લાલને મોતીડે વધાવ્યા
ઝળહળ આરતી થાય...ગોકુળમાં નંદ ઘેર૦
ગાંડા ને ઘેલા ગોવાળિયાઓ
નાચે કૂદે ને ગાય...ગોકુળમાં નંદ ઘેર૦
શણગાર સજી ગોપીઓ આવે
લઈને પૂજાનો થાળ...ગોકુળમાં નંદ ઘેર૦

કંકુ કેસરના સાથિયા પુરાયા
ઘેર ઘેર તોરણ બંધાય...ગોકુળમાં નંદ ઘેર૦

ગાયો નાચે, ગોવાળિયા નાચે
ગોરસનાં છાંટણાં થાય...ગોકુળમાં નંદ ઘેર૦

હીરામાણેકનાં દાનો અપાયાં
વિપ્રોને ગાયો અપાય...ગોકુળમાં નંદ ઘેર૦

ઘોડે બેસીને જુવાનો ચાલ્યા
ઘરડાંઓ પાલખીમાંય...ગોકુળમાં નંદ ઘેર૦

ચાંદો સૂરજ ને નવલખ તારલા
દર્શન કરી હરખાય...ગોકુળમાં નંદ ઘેર૦

સનકાદિક બ્રહ્મા, નારદ, શંકર
સ્વર્ગમાં પુલકિત થાય...ગોકુળમાં નંદ ઘેર૦

શિવરામ કહે છે ધર્મ પ્રસારવા
પ્રભુનો અવતાર થાય...ગોકુળમાં નંદ ઘેર૦

## ૭૦

ઘૂંઘટકા પટ ખોલ રે, તોકો પિયા મિલેંગે
ઘટઘટમેં વહ સાંઈ રમતા, કટુક વચન મત બોલ રે...ટેક

ધન જોબનકો ગર્વ ન કીજૈ, ઝૂઠા પચરંગ ચોલ રે
સુન્નમહલમેં દિયના બારિ લે આસનસોં મત ડોલ રે....૧

જાગ જુગુતસોં રંગ-મહલમેં, પિય પાયો અનમોલ રે
કહેં કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ રે....૨

## ૬૭

મારો સાથીડો રીસાણો એને કોણ મનાવવા જાય
મને અરધ વચ્ચે લૂંટી, એ તો રિસાઈને જાય...ટેક

કાયા અમારી કાચની, માંહી ઝોલા ખાય
પિંજરમાંથી પોપટ ઊડયો, પિંજર ઝોલા ખાય....૧

કાચી માટીના મહેલ બનાયા, જલદી તૂટી જાય
પરદેશીની પ્રીતડી તો પલમેં તૂટી જાય....૨

પંચ વરસકા પિયુ અમારા, એમ કેમ રેન ગુમાય
સરખી સરખી સાહેલી તો, અવળાં ગીતો ગાય....૩

કહે કબીરા સુનો ભાઈ સાધો, હેતે હરિગુણ ગાય
ચેતન હતા તે ચેતી ગયા ને મૂરખ ગોથાં ખાય....૪

## ૭૨

નળરાજાનું આખ્યાન, તમે ધરી લોને ધ્યાન

દમયંતી સ્વયંવર કહું તુજને
નૈષધરાયનો નળરાય, તે તો મૃગયા રમવા જાય

ત્યાંથી લાવ્યો વિહંગ, હંસ પકડી
હંસ કરવા લાગ્યો વાત, રાજા નળની સંગાત

મને મૂકી દો મહારાજ
મારી નારી રુવે શું કહું તુજને

સો પુત્રની છે માત, તેને મળી આવું આજ
આપ્યું વચન છોડી દીધો હંસને

હંસ ઊડયો ઊડયો જાય, એની નારીની પાસ
ત્રણ દિવસમાં આવ્યો રાજા કને

## ૭૩

પહેલાં સમરીએ રે...ગણપતિ દેવને
હાં રે વ્હાલો વિઘ્નને હરનારો સમરીએ રે ગણપતિ દેવને

સર્વ શુભ કાર્યે પ્રથમ પુજાય છે
શેષ ને મહેશ ગુણ ગણેશના ગાય છે
હાં રે પાર્વતીનો રખવાળો...સમરીએ રે૦

રિદ્ધિસિદ્ધિનો એ સ્વામી ગણાય છે
કાર્તિકેયસ્વામી ને બ્હેન ઓખાનો ભાઈ છે
હાં રે કાર્યો સફળ કરનારો...સમરીએ રે૦

અધિપતિને ઊંચે આસન પધરાવીએ
મનગમતા મોદક ને મેવા ધરાવીએ
હાં રે આરોગશે શિવનો દુલારો...સમરીએ રે૦

એ રે સૂંઢાળામાં સદગુણ અમાપ છે
લક્ષ ને લાભ બેઉ બેટાનો બાપ છે
હાં રે રણછોડ બુદ્ધિ દેનારો...સમરીએ રે૦

## ૭૪

રાગ ભજનનો વેપાર

ધોવા દો રઘુરાય, પ્રભુ મને વ્હેમ પડયો મનમાંય
પગ મને ધોવા દો રઘુરાયજી............................................ પગ૦

રામ લક્ષ્મણ જાનકી રે જ્યારે તીર ગંગાને જાય જી
નાવ માગી નીર ઉતારવા ( ૨ )ગુહ બોલ્યો ગમ ખાય ...... પગ૦

રજ તમારી કામણગારી મારી નાવડી નારી બની જાય જી
તો અમારા રંકજનની ( ૨ )આજીવિકા ચલી જાય .......... પગ૦

જોઈ ચતુરતા ભીલજનની જાનકી મન મુસકાય જી
અભણ કેવું યાદ રાખે (૨) ને ભણેલો ભૂલી જાય............... પગ૦

ચરણ ધોયા શ્રીરામજીના ગંગાનીરથી ત્યાંય જી
બાંવડાં ઝાલી રામના ( ૨ ) પધરાવ્યા નાવની માંય. પગ૦

પાર ઊતરીને પૂછીયું કે વ્હાલા શું લેશો ઉતરાય જી
અમો ઉતારીએ ગંગા કિનારે ( ૨ )તમો ઉતારો ભવપાર... પગ૦

નાવિક વળતાં બોલ્યો રે પ્રીતે આપણ ધંધાભાઈ જી
કાગ કવિ કહે ખારવાની ( ૨ )ખારવો ન લે ઊતરાય.......... પગ૦

## ૭૫

પંઢરપુરને પાદર રહેતો કુંભાર ગોરો નામ રે
માટીનું એ કામ જ કરતો, રટતો વિઠ્ઠલ નામ રે... પંઢ૨૦

પત્ની એની બહુ છે શાણી, તે ગઈ છે ભરવાને પાણી
બાળક સોંપ્યો છે ગોરાને, થઈ ગઈ છે ઝાઝી વાર રે... પંઢ૨૦

ગોરો માટી ઘડી રહ્યો છે, ધ્યાન ધણીનું કરી રહ્યો છે
એના પગની પાસે રે આવ્યો રમતો નાનો બાળ રે... પંઢ૨૦

પગ તળે ત્યાં બાળક આવ્યો, માટી ભેળો માટી બનાવ્યો
ટુકડે ટુકડા થઈ ગયા પણ રહ્યું નહી કાંઈ ભાન રે... પંઢ૨૦

પાણી ભરીને પત્ની આવી, તરત પતિને પૂછવા લાગી
બાળક મારો કયાં સંતાડયો, બતાવો ને નાથ રે... પંઢ૨૦

હું બાળકની વાત ન જાણું, ભકિતમાં છે ધ્યાન મારું
તેં મૂકયો છે તું શોધી લે, બોલ્યો બોલ કુંભાર રે... પંઢ૨૦

રડતી કકળતી માથું કૂટતી, બેટા બેટા કહીને રડતી
નજર પડી ત્યાં માટી ઉપર, દીઠાં હાડ ને ચામ રે... પંઢ૨૦

વિઠ્ઠલ મારી વહારે ચઢજો, અબળાની એક અરજી સુણજો
નામ તમારું લેતાં લેતાં માર્યો મારો બાળ રે...પંઢ૨૦

સાધુ સ્વરૂપે વિઠ્ઠલ આવ્યા, ગોરાને મન ઝાઝા ભાવ્યા
બાળ સજીવન રમતો કીધો, થઈ ગયા અંતર્ધાન રે...પંઢ૨૦

ધન્ય છે ગોરા ભકિત તારી, અમ્મર બની ગઈ કહાણી
ભકતજનો કહે છે કર જોડી, ધરજો એવું ધ્યાન રે...પંઢ૨૦

૭૬

કોઈ આજ જશે કોઈ કાલ, આ તો પંખીડાંનો મેળો
માટે ભજી લો દીનદયાળ, આ તો પંખીડાંનો મેળો
આ તો પંખીડાંનો મેળો, આ તો યુગદર્શનનો ફેરો...કોઈ આજ૦

સહુએ ઋણાનુબંધે મળિયાં કોઈ જનમનાં સુકૃત ફળિયાં
સહુ આવ્યાં તેવાં જાય આ તો પંખીડાંનો મેળો...કોઈ આજ૦

માયાનો આ ખેલ છે ખોટો, કાયા પાણીનો પરપોટો
કયારે ફૂટે શું કહેવાય? આ તો પંખીડાંનો મેળો....કોઈ આજ૦

સાથે કોઈ આવ્યું ન આવે, સહુએ સહુના રસ્તે જાવે
જેવાં વાદળિયાં વિખરાય, આ તો પંખીડાંનો મેળો....કોઈ આજ૦

મળિયો માનવ જન્મ અમોલો, સમજી હરિભજનમાં ડોલો
શંકર અમૃતવાણી ગાય, આ તો પંખીડાંનો મેળો....કોઈ આજ૦

૭૭

કોઈ કોઈનું નથી રે, કોઈ કોઈનું નથી રે
નાહકમાં બધા મરે મથી મથી રે....કોઈ૦

મનથી માનેલાં કે આ બધાં મારાં
માની લે જીવડા, ન મારાં કે તારાં
    સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે....કોઈ૦

આ મારો દીકરો, આ મારો તાત છે
આ મારી ઘરવાળી, આ મારી માત છે
    મૂઆ પછવાડે કોઈ મરતું નથી રે....કોઈ૦

કંઈક ગયા ને કંઈક જવાના
નથી કાયમ કોઈ રહેવાના
    ગયા એના નથી કાંઈ સમાચાર રે....કોઈ૦

પરમકૃપાળુએ જનમ દીધો છે
પાળી પોષીને મોટો કીધો છે
    તારા હૈયે એનું નામ વસતું નથી રે....કોઈ૦

## ૭૮

કોણે તને શામળો કીધો રે ગોવાળિયા
    કોણે તને શામળો કીધો રે?
કોણે તને કામળો દીધો રે શામળિયા
    કોણે તને કામળો દીધો રે?

    મથુરામાં જનમ જ લીધો
ગોકુળમાં જઈવાસો કીધો રે, ગોવાળિયા....કોણે તને૦

    દેવકીજીએ જન્મ જ દીધો
જશોદાના ખોળે જઈબેઠો રે, ગોવાળિયા....કોણે તને૦

    માથે મુગટ ને કાનોમાં કુંડળ
મુખ પર મોરલી ધરી રે, ગોવાળિયા....કોણે તને૦

શરદપૂનમનો રાસ રચ્યો છે
સોળસેં ગોપીમાં એક કાનો રે, ગોવાળિયા..કોણે તને૦

વૃન્દાવનમાં ધેનુ ચરાવે
મહીનાં દાણ લેતો દીઠો રે, ગોવાળિયા....કોણે તને૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
ચરણકમળ બલિહારી રે, ગોવાળિયા....કોણે તને૦

## ૭૯

રામ તમે આવો ઘનશ્યામ તમે આવો
અરજી સુણીને રાધેશ્યામ તમે આવો...ટેક

મનના મંદિરિયામાં સાથિયા પૂર્યા છે
આસોપાલવનાં તોરણ બાંધ્યાં છે
આવો આવો હરિ કહું છું ફરી ફરી ભગવાન રે....રામ૦

તમે ભકતોના પિતા કહેવાયા
તમને બોલાવ્યે શાને ન આવો?
વાટ જોઈ રહ્યો હું તો રોઈ રહ્યો મારા શ્યામ રે....રામ૦

નૈયા નરહરિ પાર ઉતારજો
તમને સોંપી છે, આવી ઉગારજો
મારું કોઈ નથી થાકયો મથી મથી, મારા રામ રે....રામ૦

## ૮૦

સુખદુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં....સુખદુ:ખ૦

નળ રાજા સરખો નર નહિ, જેને દમયન્તી રાણી
અડધે વસ્ત્રે વનવન ભમ્યાં, ન મળ્યાં અન્ન કે પાણી...સુખદુ:ખ૦

પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી....સુખદુઃખ૦

સીતા સરખી સતી નહિ, જેને રામજી સ્વામી
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી....સુખદુઃખ૦

રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લુંટાણી....સુખદુઃખ૦

હરિશ્ચન્દ્ર રાજા સતવાદિયો, જેની તારામતી રાણી
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી....સુખદુઃખ૦

એ વિચારી હરિને ભજો, તે સહાય જ કરશે
જુઓ આગે સહાય ઘણી કરી, તેથી અર્થ જ સરશે....સુખદુઃખ૦

સર્વ કોઈને જ્યારે ભીડ પડી, સમર્થા અંતર્યામી
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંના સ્વામી....સુખદુઃખ૦

## ૮૧

સુણાવો ગીતા-સાર ઉતારો ભવપાર
ગુરુજી મારા! હું પૂજું ચરણ તમારાં

હું આવી પડયો આ જગમાં
નથી કોઈ દિલાસો દિલમાં
હું રખડી રઝળી થાકયો...ગુરુજી મારા! હું પૂજું૦

હજી દિલમાં કંઈ કંઈ આશ મને
સત્પંથ બતાવનારા શોધું તને
જ્યોતિમાં જ્યોત મિલાવો...ગુરુજી મારા! હું પૂજું૦

હશે દોષ અમારા સહુ માફ કરો
અમ દીન-ગરીબને વહાર કરો
તમે દૈવી દયા વરસાવો...ગુરુજી મારા! હું પૂજું૦

જો દાસ પર તમે દયા કરો
તો ભવનો ફેરો પલમાં હરો
હું આશાએ અહીં આવ્યો...ગુરુજી મારા! હું પૂજું૦

## ૮૨

આઠ કૂવા ને નવ વાવડી રે
પાણી ભરે પનિહારિ, મારા વ્હાલા!
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ

સોનારૂપાનું મારું બેલડું રે
ઈંઢોણી રત્ન જડાવ, મારા વ્હાલા!
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ



વાંકી વળીને ઘડુલો ભરિયો રે,
બાઈ, મને માથે ચડાવ, મારા વ્હાલા!
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ

તું રે સરીખા ગોવાળિયા રે,
મારા તે બાપના ગુલામ, મારા વ્હાલા!
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ

તું રે સરીખી ગોવાલણી રે,
તે તો મારા ઘરની નાર, મારા વ્હાલા!
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ

નરસિંહનો સ્વામી શામળો રે,
તે તો મારા હૈયાનો હાર, મારા વ્હાલા!
હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ



## ૮૩

એવી છે કુદરતની કળા  અણધાર્યું તે આગળ થાય
આપણું ધાર્યું કાંઈ નવ થાય, પ્રભુનં ધાર્યું આગળ થાય

રાજા દશરથ એના મનમાં વિચારે
રામને સવારે ગાદીએ બેસાડે
વહેલી સવારે રામ વનવાસ જાય............................અણધાર્યું

રાજા રાવણ તો અતિ મહા બળિયો
સીતા માતાનું હરણ કરી ગયો
સોનેરી લંકામાં લગિ છે લહાય................................અણધાર્યું

અભિમન્યુ તો અતિ મહા બળિયો
સાતે કોઠા જીતવાને યુદ્ધે ચઢયો
સાતમે કોઠે વહાલો રણમાં રોળાય..........................અણધાર્યું

સતગુરુ કબીરજી સ્વર્ગે સીધાવે
હિન્દુ ને મુસ્લિમ ઝગડો ચલાવે
ચાદર ખસેડો તો ફૂલડાં દેખાય..................................અણધાર્યું

## ૮૪

મેં તો પહેરી લીધો ચૂડલો તમારો રે હરિ ( ૨ )
નથી રે નજર કોઈ બીજાના ભણી.................................... મેં તો૦

ઊંચા ઊંચા મહેલ મારે કામ ન આવે, મન નહી ભાવે
મને વહાલી લાગે ઝૂંપડી તમારી રે હરિ ( ૨ )
નથી રે નજર કોઈ બીજાના ભણી.................................... મેં તો૦

હીરા માણેક મારે કામ ન આવે, મન નહી ભાવે
મને વહાલી લાગે રે તુલસીની માળા રે હરિ ( ૨ )
નથી રે નજર કોઈ બીજાના ભણી ........................................ મેં તો૦

હીરનાં ચીર મારે કામ ન આવે, મન નહી ભાવે
મને વહાલાં લાગે ભગવાં ચીર રે હરિ ( ૨ )
નથી રે નજર કોઈ બીજાના ભણી ........................................ મેં તો૦

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ગિરિધરના ગુણ
મને ચરણ કમળ દત્ત લેજો રે હરિ ( ૨ )
નથી રે નજર કોઈ બીજાના ભણી ........................................ મેં તો૦

## ૮૫

મન તું શંકર ભજી લે
છોડ ને કપટ ભોલાનાથને ભજી લે .................. મન તું૦

કોણ ચઢાવે ગંગા જમુના કોણ ચઢાવે દૂધ
કોણ ચઢાવે બિલ્લીપત્ર કોણ ચઢાવે ભભૂત .................. મન તું૦

રાજા ચઢાવે ગંગા જમુના રૈયત ચઢાવે દૂધ
બ્રાહ્મણ ચઢાવે બિલ્લીપત્ર યોગી ચઢાવે ભભૂત .......... મન તું૦

કોણ માગે અન્ન ધન કોણ માગે પુત્ર
કોણ માગે કંચન કાયા કોણ માગે રૂપ ............................ મન તું૦

ગરીબ માગે અન્ન ધન વાંઝિયા માગે પુત્ર
બ્રાહ્મણ માગે કંચન કાયા ગુણિકા માગે રૂપ .................. મન તું૦

આંકડાનો ભાન બનાવ્યો ધંતુરાની ભાજી
પીરસે રાણી પારવતી ને જમે ભોળાનાથ ........................ મન તું૦

આંકડો ધંતુરો શિવજી ભાવના છે ભોગી
ભણે નરસૈંયો વહાલો જૂનાગઢનો જોગી ...................... મન તું૦

ભજનનો વેપાર હરિ તારા નામનો આધાર
કર મન ભજનનો વેપાર જી.......................................

પ્રથમ સમરું સરસ્વતીને ગણપત લાગું પાય જી
દેવોના ગુરુદેવોને સમરું (૨ )જે ઊતારે ભવની પાર ................ કર૦

ઊંચી મેડીને અજબ ઝરૂખા જેન ગોખ તણો નહી પાર જી
છત્રપતિ તો ચાલ્યા ગયા (૨ )જેના બાંધ્યા રહ્યા ઘરબાર ........ કર૦

સહેજ તળાઈ વિના સૂતો નહી ને કરતો હુન્નર હજાર જી
ખોળી ખોળી તને બાળશે જેમ લોઢું ગાળે લુહાર .................... કર૦

ઉપર ફૂલડાં ફર ફરે ને નીચે શ્રીફળ ચાર જી
ઠીક કરી તને ઠાઠડીમાં બાંધ્યો (૨ )ને પૂંઠે પડે પોકાર ................ કર૦

શેરી લગી તારી સુંદરી ને ઝાંપા લગી મા ને બાપ જી
તીરથ લગી તારો બાંધવો જે ( ૨ )હોળી લગાવે આગ............ કર૦

પહેલો વિસામો તારા ઘરને ઉંબરે ને બીજો શેરી બહાર જી
ત્રીજા વિસામો તારા ગામને ગોંદરે ચોથો વિસામો સમશાન ..... કર૦

સ્મશાને જઈને ચીતા રે ખડકી ને ઉપર કાષ્ટનો ભાર જી
અગ્નિ મૂકીને અળગા રહેશે ( ૨ )કોઈ ન આવે તારી પાસ ....... કર૦

હાડ જલે તેમ લાકડું ને તારા કેશ જલે જેમ ઘાસ જી
કંચન સરખી તારી કાયા રે બળશે ( ૨ )કોઈ ન આવે પાસ........ કર૦

માતા રે તારી જનમ રુવે ને બેની રુવે દસ માસ જી
પ્રિયા રે તારી તેર દિન રુવે ને ઔર ઢૂંઢે ભરથાર.......કર૦

મારું રે મારું મિથ્યા કરે ને જુઠ્ઠો જગનો વહેવાર જી
નરસૈંયાના નાથને ભજી લે જે ઉતારશે ભવ પાર..........કર૦

રાગ--ફીરકીવાલી તુ કલ ફિર આના

રાવણ આવ્યો સીતાજીને હરવા જોગીનો વેશ લઈને
મામા મરીચને બનાવ્યો મૃગલો
સોનેરી મૃગને જોઈ રે સીતાજી
હઠ પકડીને બેઠાં રે દેવીજી
એ મૃગલાને (૨) પકડી લાવો સીવડાવવું છે વસ્ત્ર...રાવણ

મૃગલાની પાછળ દોડયા રામને લક્ષ્મણ
રાવણ આવ્યો રે જોગીના વેષમાં
ભીક્ષા આપો (૨) સીતા માતા દ્વારે ઊભો જોગી...રાવણ

હાથ પકડી રાવણ ખભે રે બેસાડી
લઈ ચાલ્યો સીતાજીને લંકામાં
રુદન કરે (૨) સીતા માતા કોઈ નથી સાંભળતું...રાવણ

વિનાશ કાળે વિપરીત બુદ્ધિ રે રાવણની
હરણ કર્યું પાપીએ સીતાનું
દાસ કહે છે (૨) દુષ્ટ રાવણનું અંતે થાય મૃત્યુ...રાવણ



## ૮૮

આદિ અનાદિ એક તું, નિરંજન નિરાકાર
હરિહર બ્રહ્મા તું હવો, સ્વામી તું છે અપાર
પાયે લાગી કરું વિનંતિ ........................................................ ટેક

તારો પાર કોઈ નવ લહે, પરિબ્રહ્મ અવિધાર
તું સરખો કર તારો, માયા રહિત સંસાર .................... પાયે૦...૧

આપણે પોતે ગોપવ્યું, વહ્યો સકલ સંસાર
જાગદાન અધ્યાત્મને, નથી ગર્ભનો પાર ................. પાયે૦...૨

ભોવન રઝળ્યો એ આત્મા, તૂ ન જાણે સાર
ધણી વિહોણો તૂ મર્યો, ચોખાણ મોઝાર .................. પાયે૦...૩

અછણતો આત્મા વિનવે, ઉદ્ધાર જો તાત
તું સમર્થ હવે પામ્યો, આદર એ જવાત...................... પાયે૦...૪

## ૮૯

મંદિર દેખ ડરે સુદામાજી મંદિર દેખ ડરે રે
કહાં ગઈ મેરી તૃણ કી ઝુંપડિયાં, તા ઘેર મહેલ ખડે રે.....સુદામાજી

પહેલે પ્હારે હાસ્ત ઝૂલે, દૂજે તોરંગ ખડે રે
ત્રીજે પ્હોરે વસ્ત્ર જભારે, ચોથે રત્ન જડે રે................સુદામાજી...૧

જા ઘેર તાલ પખાવજ વાગે, તા ઘેર નોબત વાજે
જા ઘેર રાગ છત્રીસ આલાપે, તા ઘેર અભર ભરે રે ...સુદામાજી...૨

ઈત ઉત જાત ફિરત હેં સુદામા, મનમેં સોચ કરે રે
ધામ દેખી મન ચકિત ભયો હેં, ડરી ડરી ડગલાં ભરે રે સુદામાજી...૨

મહલમેં બેંઠી નાગર બ્રાહ્મણી, પંડિત આયે ઘેર રે
સુરદાસ પ્રભુ અપને ભકત કો દારિદ્રય દૂર કરે રે.......સુદામાજી...૪

## ૯૦

ગોવિંદ નામ ઘર્યો કીન તેરો ગોવિંદ નામ ઘર્યો રે
દ્રુપદસુતાકી લજ્જા રાખી, ચીર કો દાન કર્યો .......... કીન તેરો...ટેક

ચાર પદારથ દિયો હેં સુદામા, તાંદુલ મુખમેં ઘર્યો
સાંદીપ કો સુત આન દિયો હેં, વિદ્યાપાઠ પઢયો રે.. કીન તેરો...૧

લેને રે દેને તું હરિ દાતા, મોં સે કછુ ના સર્યો રે
સુર કી બેર કઠણ હોઈ બૈઠી, જન્મ કો અંઘ કર્યો રે........ કીન તેરો...૨

## ૯૧

તુમ દયાલ મોં સે બહુત કરી રે ................................................ ટેક

સુમીરણ કો નર દેહી દીની, મોં પાપીથી કશું ના સર્યો રે ............. ૧

ગર્ભવાસ નવ માસ ઊંઘે મુખ, ત્યાં ન મેરી સુઘ વિસરી રે
જઠર અગ્નિ મેં રાખ લિયો હેં, કંચન સે મેરી દેહ કરી રે ............... ૨

કહાં લગી કહું અપરાઘી જનમ કો, આદિ અંત મોં સે બિગડી રે
તુલસીદાસ પતીત તુમ પાવન, આ બાને કી લાજ પડી રે ......... ૩

## સાખી

કબીર બલિહારી ફૂલ કી, વામેં દોણો બાજ,
તમ મન અપને અર્પતે, હુઆ પુરાણા ઘાસ ...૧

કબીર ગુરુ સેવા જન બંદગી, હરિ સ્મરણ વૈરાગ્ય,
એટલું જબ હી પાઈએ, પુરણ મસ્તક નમાવું ...૨

## ૯-૨

ઘડી રે ઉપર ઘડિયારા વાગે, ઉંમર ઓછી થાય
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઈ................ટેક

નાનાં થકી મોટેરાં કીના, માતા મંગલ ગાય
કાલ અવસર તો કોઈએ ન દીઠો, ઓચિંતો વળી આવે ..............૧

જોબનિયાના મોજા ફોજા, જાયે નગારાં દેતી
અંતકાલ તો આવી મળશે, કોઈ ન શકયો ચેતી ........................૨

સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર કૂડો
જમદૂત તો જોતા રહેશે, હરિને નામે છૂટો ..................................૩

હરિને ભજીએ હરિશું તરીએ, નરહરિને નમીએ
લાજ કાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ ............................૪

હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાઈ
દેખત દેખત ડુબકાં મારે, દુનિયા ડૂબી મુઈ ..............................૫

આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી
સર્જનહારનું સ્મરણ ભૂલ્યો, જીતી બાજી હારી...........................૬

કોઈએ બાળી કોઈએ ગાળી, કોઈએ દાટી
પવન ભેગો પાવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી..............................૭

નરસૈંયાનો સ્વામી શામળિયો, વેદ પુરાણે સાચો
જમના શિર પર પગલું દઈને વેગે વૈકુંઠ જાશો...........................૮

# થાળ વખતેની સાખીઓ

રામ કહે સુખ ઊપજે, કૃષ્ણ કહે દુ:ખ જાય
મહિમા મહાપ્રસાદ કો ખાવો પ્રીત લગાય
સીયાવર રામચન્દ્રકી જૈ

તુલસી ઈસ સંસાર મેં ભાત ભાત કે લોગ
સબસે હિલમિલ ચાલિયે, નદી નાવ સંજોગ
સીયાવર રામચન્દ્રકી જૈ

ચિત્રકૂટ કે ઘાટ પે ભયી સંતન કી ભીડ
તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર
સીયાવર રામચન્દ્રકી જૈ

રામઝરોખે બૈઠકે સબકા મુજરા દેખ
જૈસી જિનકી ચાકરી ઐસા ઉનકો દેત
સીયાવર રામચન્દ્રકી જૈ

દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન
તુલસી દયા નવ છાંડિયે, જબ લગ ઘટ મેં પ્રાણ
સીયાવર રામચન્દ્રકી જૈ

એક ઘડી આધી ઘડી આધી મેં પુની આધ
તુલસી સંગત સાધુ કી કટે કોટિ અપરાધ
સીયાવર રામચન્દ્રકી જૈ

કબીર વડ કે બેટ પે ભયી ભકતનકી ભીડ
કબીરજી ચંદન ઘસે, તિલક કરે રઘુવીર
સીયાવર રામચન્દ્રકી જૈ

પ્રસાદી લઈ પાવન થયા, પહોંચ્યા મનના કોડ
ધન ધન નાગર નરસૈંયો જેને ઘેર પધાર્યા શ્રી રણછોડ
સીયાવર રામચન્દ્રકી જૈ

પવનસુત હનુમાન કી જૈ
બોલો રે ભાઈ સબ સંતન કી જૈ
બોલો રે ભાઈ માત પિતા કી જૈ

# ચલતીની સાખી

કબીરા કબીરા ક્યા કરો ને ખોજો આપ શરીર
પંચેન્દ્રિય કો વશ કરો તો આપ હી દાસ કબીર
વ્હાલા રે ભાઈ આપ...૧

મન મરે માયા મરે, મર મર જાત શરીર
આશા તૃષ્ણા ના મરે, ભાઈ કહ ગયે દાસ કબીર
વ્હાલા રે ભાઈ કહ...૨

વા ફરે વાદળ ફરે, ફરે નદીનાં નીર
શૂરા બોલ્યા ના ફરે રે ભાઈ પશ્ચિમ ઊગે સૂર
વ્હાલા રે ભાઈ પશ્ચિમ...૩

ધન ગયા કુછ ના ગયા સ્વાથ્ય ગયા કુછ રોય
ચરિત્ર ગંવાયા સબ ગયા ને તાકા ઠૌર ન હોય
વ્હાલા રે ભાઈ તાકા...૪

જનની જણ તો ભકત જણ ને કાં દાતા કાં શૂર
નહિ તો રહેજે વાંઝણી પણ મત ગુમાવીશ નૂર
વ્હાલા રે ભાઈ મત...૫

આયા હૈ સો જાએગા ને રાજા રંક ફકીર
કોઈ સિંહાસન ચઢ ચલે, કોઈ બાંધ ચલે જંજીર
વ્હાલા રે ભાઈ બાંધ...૬

આવ નહી આદર નહી ને નહી નયનમેં નેહ
ઉસ ઘર કબહુ ન જાઈએ ભલે કંચન બરસે મેહ
વ્હાલા રે ભાઈ કંચન...૭

માલા બનાઈ કાષટ કી ને બીચમેં રેશમ સૂત
માલા બિચારી કયા કરે જો જપનેવાલા કપૂત
વ્હાલા રે ભાઈ જપનેવાલા...૮

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

સાથે બેસીને ભજન કરવાની સુગમતા માટે જ આ
ભજન-સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો છે.

**કૃપા કરી આ ભજન-સંગ્રહ**
**ઘરે ન લઈ જવા વિનંતિ.**

શ્રી રામકબીર ભક્તસમાજ
૧૮૧૬ વેષ્ટ મેઇન સ્ટ્રીટ
અલ્હામ્બ્રા, કેલિફોર્નિયા ૯૧૮૦૧

ॐ

કમ્પોઝ, સજાવટ, છપાઈ
સુંદરજી ગ્રાફિક્સ
૧૮૧૪ વેષ્ટ મેઇન સ્ટ્રીટ
અલ્હામ્બ્રા, કેલિફોર્નિયા ૯૧૮૦૧
ફોન ૮૧૮-૨૮૨-૮૬૪૨

# ઝીની ઝીની બિની ચદરિયા

શરીર રૂપી ચાદર ભગવાને નવ માસ મહેનત કરીને બનાવી છે. એમાં ઈંગલા પીંગલા નામની નાડીઓના તાણાવાણા છે. , આઠ કમળના બુટ્ટાઓ સોહે છે. પાંચ તત્વો તથા ત્રણ ગુણ વડે તેને ભાતીગળ બનાવવામાં આવી છે.

એ ચાદરને મૂર્ખ લોકો બેદરકારીથી વાપરે છે. એમાં વિષય, વિકારોના ડાઘ પાડે છે. અને પ્રભુને મેલી કરીને આપે છે. કબીર જેવા સમજુ માણસો એને જતનથી ઓઢે છે. જરા ય મેલી થવા દેતા નથી અને સાંઈ, એટલે ભગવાનને પાછી આપતી વખતે એવી ને એવી સાફ ચાદર પાછી આપે છે. નિર્વિકાર અને સ્વચ્છ શરીર આત્મકલ્યાણનું સાધન છે.

ઝીની ઝીની બિની ચદરિયા.........ટેક ૦

કાહેકે તાના કાહેકે ભરની
કૌન તારસે બિની ચદરિયા..................૧

ઈંગલા પિંગલા તાના ભરની
સુષમન તારસે બિની ચદરિયા..........૨

આઠ કંવલ દસ ચરખા ડોલે
પાંચ તત્ત ગુન તિની ચદરિયા .........૩

સાંઈકો સીયત માસ દસ લાગે
ઠોક ઠોકકે બિની ચદરિયા....................૪

સો ચાદર સુર નર મુનિ ઓઢી
ઓઢીકે મૈલી કીની ચદરિયા................૫

દાસ કબીર જતનસે ઓઢી
જ્યોંકી ત્યોં ધરિ દીની ચદરિયા........૬